Sunday
22.01.2023
✳Volume :7 ✳ Issue No.173
✳Email.:kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor :Mahesh N. Patel:- (98249 10606)

વિશ્વાસથી વિકાસ યાત્રા

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

KAMALAM Daily

RNINo.:GUJGUJ/2016/73451
PRINTED MATTER

To,

✳Managing Editor:Arjun Sondarva ✳Office: A-3, Plot No. R-13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04 ✳Rs. 00.25/- ✳Annual Rs.90/-

ખોડલધામ ખાતે આયોજિત ૭મા પાટોત્સવમાં મુખ્યમંત્રીશ્રીની પ્રેરક ઉપસ્થિતિ

કમલમ્ ન્યુઝ,

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ રાજકોટ જિલ્લાના જેતપુર તાલુકાના કાગવડ સ્થિત ખોડલધામ મંદિર ખાતે આયોજિત સાતમા પાટોત્સવમાં સહભાગી થયા હતા. ખોડલધામ ટ્રસ્ટને સામાજિક સમરસતાના આગવા કેન્દ્ર તરીકે ઓળખાવતા મુખ્ય મંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈએ એ વાતનો હર્ષ વ્યક્ત કર્યો હતો કે ખોડલધામ વિશ્વનું એક માત્ર એવું મંદિર છે, જેના પ્રવેશદ્વાર પર રાષ્ટ્રધ્વજ ફરકે છે. રાષ્ટ્રહિત અને સમાજહિતના કેન્દ્ર તરીકે ખોડલધામ વિશ્વને હંમેશા પ્રેરણા પૂરું પાડતું રહેશે, એવો ભાવ પણ તેમણે આ તકે વ્યક્ત કર્યો હતો. સમાજશક્તિને બહુવિધ વિકાસ કામોમાં જોડીને ખોડલધામ ટ્રસ્ટ રાષ્ટ્ર-રાજ્ય ના વિકાસમાં ઉલ્લેખનીય યોગદાન આપે છે એમ તેમણે જણાવ્યું હતું.

આ પ્રસંગે ઉપસ્થિત વિશાળ જનમેદનીને સંબોધતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની વિકાસના મૂલ્યો આધારિત રાજનીતિનું ભારતને વિશ્વગુરુ બનાવવામાં મહત્વનું પ્રદાન છે. વડાપ્રધાનશ્રીના દીર્ઘદ્રષ્ટિભર્યા નેતૃત્વને લીધે આશાસ્પદ બન્યું છે એમ પણ તેમણે ઉમેર્યું હતું. રાજ્ય ના ખેડૂતોનું હિત સદા સરકારના હૈયે હોવાનું જણાવતાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, ખેડૂતોના ઉત્કર્ષ માટે રાજ્ય સરકાર હરહંમેશ પ્રયત્નશીલ છે.

રાજ્ય સરકારે વિવિધ કૃષિ કલ્યાણલક્ષી યોજનાઓ પણ અમલી બનાવી છે. આગામી જી-૨૦ સમિટનો ઉલ્લેખ કરતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજયભરમાં જી-૨૦સમિટની કુલ ૧૫ ઈવેન્ટ્સ યોજાશે તે રાજ્યની પ્રગતિ વૈશ્વિક ફલક પર લઈ જશે. આઝાદી મેળવ્યાનાં ૧૦૦ વર્ષ ૨૦૪૭માં થાય ત્યારે ગુજરાત અગ્રિમ હરોળનું રાજ્ય હશે એવો આશાવાદ પણ મુખ્યમંત્રીશ્રીએ આ તકે વ્યક્ત કર્યો હતો. ખોડલધામ ટ્રસ્ટને સમગ્રકાર્યક્રમના આયોજન બદલ મુખ્યમંત્રીશ્રીએ અભિનંદન પાઠવ્યા હતા.

અને સમગ્ર પરિસરમાં પથરાયેલી ૬૫૦ મૂર્તિઓ તથા પ્રદક્ષિણાપથ પર રજૂ થયેલી પાટીદારોની ગૌરવગાથા બદલ મુખ્યમંત્રીશ્રીએ ખોડલધામ પ્રાંગણની સરાહના કરી હતી. સૌરાષ્ટ્રની સંતો-શુરાઓ-દાતાઓની ભૂમિમાં દર ૨૫ કિલોમીટરના ઘેરાવામાં દાનની અવિરત સરવાણી વહે છે, જેનો મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રએ ગૌરવભેર ઉલ્લેખ કર્યો હતો.

અને સૌરાષ્ટ્રની પવિત્ર ભૂમિને નતમસ્તકે વંદન કર્યા હતા. ખોડલધામ ટ્રસ્ટના ચેરમેનશ્રી નરેશભાઈ પટેલે ઉપસ્થિત તમામ મહાનુભાવોને આવકારતા કહ્યું હતું કે, ખોડલધામ એક વિચાર છે. તેને મંદિર પૂરતો સીમિત ન રાખતાં રાષ્ટ્ર કલ્યાણ સુધી પહોંચાડવાનું કાર્ય ઉપસ્થિત સૌએ કરવાનું છે. ખોડલધામની સ્થાપનામાં ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રીશ્રી અને ઉત્તરપ્રદેશના રાજ્યપાલશ્રી આનંદીબેન પટેલનો સહયોગ મળવા બદલ શ્રી નરેશભાઈએ આભાર માન્યો હતો. જરૂરી સુવિધાઓથી ખોડલધામ આજે ભવ્યાતિભવ્ય બન્યું છે, સરકારશ્રીના સાથ સહયોગથી આ શક્ય બન્યું છે, તે બદલ મૂઠ્ઠ અને મક્કમ એવા ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલનો પણ તેમણે આ તકે આભાર વ્યક્ત કર્યો હતો. અને ૨૦૨૩માં ભવ્યાતિભવ્ય દશાબ્દી મહોત્સવ ઉજવવાની જાહેરાત કરી હતી. ગુજરાતમાં સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત, દક્ષિણ ગુજરાત, સ્ટેચ્યુ ઓફ યુનિટી સહિતના વિસ્તારોમાં જુદા જુદા પાંચ જનસુખાકારીના પ્રકલ્પોની પણ શ્રી નરેશભાઈએ જાહેરાત કરીહતી. જે અંતર્ગત આરોગ્ય, શિક્ષણ અને સ્પોર્ટસના સુવિધાસભર સંકુલો બનાવવામાં આવશે. આજના પાટોત્સવ પ્રસંગે ખોડલધામ ટ્રસ્ટ દ્વારા ૪૧ ટ્રસ્ટીઓને નવનિયુક્ત કરવામાં આવ્યા હતા, જેમાં. શ્રીમતી અનારબેન પટેલનો નવા

વડાપ્રધાનશ્રી મોદીની વિકાસના મૂલ્યો આધારિત રાજનીતિનું ભારતને વિશ્વગુરૂ બનાવવામાં મહત્વનું યોગદાન છે. :મુખ્યમંત્રી શ્રી

સમાજશક્તિને રાષ્ટ્રહિત અને વિકાસ કામોમાં જોડવાનું ઉદાહરણ ખોડલધામની સેવા પ્રવૃત્તિઓ પૂરું પાડે છે.

G-20 સમિટની ગુજરાતમાં યોજનારી ૧૫ ઇવેન્ટસ ગુજરાતની પ્રગતિને વૈશ્વિક ફલક પર લઇ જશે.

મહિલા ટ્રસ્ટી તરીકે સમાવેશ કરાયો હતો. સમારંભ સ્થળે આવતાં પહેલા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે મુખ્ય મંદિર ખાતે ધ્વજા ચડાવી હતી. મુખ્યમંત્રીશ્રી ખુલ્લી જીપમાં કૃષિમંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલ, ખોડલધામ ટ્રસ્ટના ચેરમેનશ્રી નરેશ પટેલ સાથે ઉપસ્થિતોનું અભિવાદન ઝીલતા ઝીલતા કાર્યક્રમ સ્થળે આવ્યા હતા. ઉપસ્થિત જન સમુદાયે મુખ્યમંત્રીશ્રીને ફુલડે વધાવ્યા હતા. ટ્રસ્ટીશ્રી દિનેશભાઈ કુંભાણીના સ્વાગત પ્રવચન બાદ મુખ્યમંત્રીશ્રી સહિતના મહાનુભાવોએ દિપપ્રાગટ્યથીકાર્યક્રમનો શુભારંભ કરાવ્યો હતો. ખોડલધામની ગાથા વર્ણવતી ટૂંકી ડોકયુમેન્ટ્રી ફિલ્મ આ પ્રસંગે રજૂ કરાઈ હતી. આયોજકો તથા અગ્રણીઓએ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલનું હાર, માતાજીની છબી, ખેસ, શાલ તથા સ્મૃતિચિન્હ થી સન્માન કર્યું હતું. તમામ આમંત્રિતોનું આયોજકો તરફથી ખેસથી સ્વાગત કરાયું હતું. ખોડલધામ ટ્રસ્ટના નવા નીમાયેલા ટ્રસ્ટીઓને ખેસ પહેરાવી આયોજકોએ આવકાર્યા હતા. ખોડલધામની બહેનોએ ગણેશવંદનાથી મુખ્ય મંત્રીશ્રીને આવકાર્યા હતા. ટ્રસ્ટીશ્રી પ્રવિણભાઈ જસાણીએ આભારવિધિ કરી હતી. આ પ્રસંગે પાણી પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળિયા, પ્રવાસન મંત્રીશ્રી મૂળુભાઈ બેરા, મહિલા અને બાળ વિકાસ મંત્રીશ્રી ભાનુબેન બાબરિયા, શિક્ષણ રાજયમંત્રીશ્રી પ્રફુલભાઈ પાનસેરીયા, વિધાનસભાના નાયબ મુખ્ય દંડકશ્રી કૌશિકભાઈ વેકરીયા, ધારાસભ્યો સર્વશ્રી જયેશભાઈ રાદડીયા, બિપિનભાઈ ગોતા, રમેશભાઈ ટીલાળા, કિશોરભાઈ કાનાણી અને મહેન્દ્રભાઈ પાડલીયા, સાંસદશ્રી રમેશભાઈ ધડુક અને શ્રીમોહનભાઈ કુંડારીયા, દિલીપભાઈ સંઘાણી, ગોરધનભાઈ ધામેલીયા, હાસ્યકલાકાર સુખદેવભાઈ ધામેલીયા, પૂર્વમંત્રીશ્રી જીતુભાઈ વાઘાણી, ગોવિંદભાઈ પટેલ, જસુમતિબેન કોરાટ, જિલ્લા ભાજપ પ્રમુખશ્રી મનસુખભાઈ ખાચરીયા તથા બહોળી સંખ્યામાં પટેલ સમાજના લોકો ઉપસ્થિત રહ્યાં હતા.

ગુજરાતમાં રાષ્ટ્રીય યુવા પશુઉછેર સંમેલન યોજાયું

- **ગુજરાતમાં રાષ્ટ્રીય યુવા પશુઉછેર સંમેલનમાં ૧૬ રાજ્યોના પશુપાલકો તેમની આકાંક્ષાઓ, પડકારો અને સરકાર સાથે નીતિવિષયક પરામર્શની જરૂરિયાત અંગે ચર્ચા કરવા માટે એકત્ર થયા**
- **શ્રી પરશોત્તમ રૂપાલાએ સઘન પશુધન ઉત્પાદન પ્રણાલીના વ્યાપક હિતમાં જરૂરી સંવાદ અને પહેલનો પ્રારંભ કર્યો**
- **સંમેલનમાં મત્સ્યોદ્યોગ, પશુપાલન અને ડેરી મંત્રાલયના અધિકારીઓનું બહોળું પ્રતિનિધિત્વ જોવા મળ્યું**

કમલમ્ ન્યુઝ,

ગુજરાત ખાતે **FAHD** ના કેન્દ્રીય મંત્રી શ્રી પરશોત્તમ રૂપાલા અને **FAHD** મંત્રાલયના અધિકારીઓની ઉપસ્થિતિમાં રાષ્ટ્રીય યુવા પશુઉછેર સંમેલન યોજાયું. ગુજરાતમાં કચ્છના ભૂજ ખાતે યોજાયેલા રાષ્ટ્રીય યુવા પશુઉછેર સંમેલનમાં ૧૬ રાજ્યોના પશુપાલકો તેમની આકાંક્ષાઓ, પડકારો અને સરકાર સાથે નીતિવિષયક પરામર્શની જરૂરિયાત અંગે ચર્ચા કરવા માટે એકત્ર થયા હતા. નોંધનીય છે કે, પશુપાલન કેન્દ્ર - સહજીવન આ ક્ષેત્રમાં સઘન પશુધન ઉત્પાદન પ્રણાલી માટે અનેક હસ્તક્ષેપો હાથ ધરવા માટે નેતૃત્વ સંભાળ છે. તેમાં ઉંટના દૂધની ખરીદી, પશુપાલન જાતિની ઓળખ, પશુપાલન પ્રજાતિઓનું સંરક્ષણ, સામુદાયિક ઉદ્યમીઓ સાથે આર્ટિસનલ ચીઝનું ઉત્પાદન વગેરે નોંધપાત્ર કામગીરીઓ છે.

કેન્દ્રીય મત્સ્ય ઉદ્યોગ, પશુપાલન અને ડેરી મંત્રી શ્રી પરશોત્તમ રૂપાલાએ સઘન પશુધન ઉત્પાદન પ્રણાલીના વ્યાપક હિતમાં જરૂરી સંવાદ અને નીચે ઉલ્લેખિત પહેલોનો પ્રારંભ કર્યો છે:

- રાષ્ટ્રીય પશુધન વસ્તી ગણતરીના ભાગ રૂપે પશુઉછેર વસ્તી ગણતરીનો સમાવેશ;
- વિવિધ મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે **MoFAHD** અંતર્ગત પશુઉછેર કોષ્ઠની રચના;
- રાષ્ટ્રીય પશુધન મિશન ની અંદર સઘન પશુધન ઉત્પાદન પ્રણાલી સંબંધિત યોજનાઓ અને કાર્યક્રમોનો સમાવેશ કરવા માટે પ્રારંભિક અન્વેષણ

એવી અપેક્ષા રાખવામાં આવે છે કે બિલ્ટ એન્વાયર્નમેન્ટમાં એકોસ્ટિક્સ અને ઉષ્મીય ઈન્સ્યુલેશન માટે સ્વદેશી ઊન, અને નોન-બોવાઈન દૂધ માટે સંસ્થાગત હસ્તક્ષેપ સહિત તાપમાન સંવેદનશીલ નાશવંત ચીજોના સંગ્રહ અને પરિવહનમાં ઊનનો ઉપયોગ કરવા અંગે ભવિષ્ય ની પહેલોમાં ઉલ્લેખ કરવામાં આવશે. રાષ્ટ્રીય સ્વદેશીઊન મિશન, બિન-બોવાઈન દૂધ (બકરી, ઘેટાં, ગધેડા અને યાક)ના માર્કેટિંગ માટે સંસ્થાકીય પ્લેટફોર્મનું નિર્માણ, પશુઉછેર વસ્તીને ઓળખ આપવી અને પશુપાલન ડેરી પરિદૃશ્ય માટે ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસના મુદ્દા ખૂબ જ મહત્વપૂર્ણ છે. આ સંમેલનમાં મત્સ્ય ઉદ્યોગ, પશુપાલન અને ડેરી મંત્રાલયના અધિકારીઓનું વ્યાપક પ્રતિનિધિત્વ જોવા મળ્યું હતું જેમાં ડૉ. અભજિત મિત્રા - પશુપાલન કમિશનર, ડૉ. સુજિત દત્તા - સંયુક્ત કમિશનર, ડૉ. દેબાલિના દત્તા - મહદનીશ કમિશનર અને શ્રી સુમેદ નાગરે - આંકડાકીય સલાહકાર, **MoFAHD**નો સમાવેશ થાય છે. આજીવિકાના સર્વાંગી પરિપ્રેક્ષ્ય અને પશુઉછેર સમુદાયને મુખ્ય પ્રવાહમાં લાવવાના પ્રયાસો અને સંભવિત સહયોગ પર ધ્યાન આપવા માટે આ સંમેલનમાં ડૉ. એ સાહૂ - નિયામક, રાષ્ટ્રીય ઉટ સંશોધન કેન્દ્ર, ડૉ. વિનોદ કદમ - સેન્ટ્રલ શીપ વૂલ રિસર્ચ સંસ્થા, અવિકાનગર, ડૉ. ખેમ ચંદ – મુખ્ય વૈજ્ઞાનિક, રાષ્ટ્રીય કૃષિ નીતિ અને સંશોધન સંસ્થા તેમજ શ્રી જી. એસ. ભાટી – એક્ઝિકયુટીવ નિદેશન, સેન્ટ્રલ વૂલ ડેવલપમેન્ટ બોર્ડ, પણ ઉપસ્થિત રહ્યા હતા.

ભારતમાં પશુપાલકોની સંખ્યા ના અંદાજો વ્યાપકપણે બદલાય છે. હાલના સમયમાં, પશુધન પરના અધિકૃત ડેટામાં ઉપયોગમાં લેવાની વ્યવસ્થાપન પ્રણાલીને પ્રતિબિંબિત થતી નથી. એવું સમજવામાં આવ્યું છે કે, સઘન પશુધન ઉત્પાદન પ્રણાલી તેમના પ્રાણીઓની જાળવણી માટે સામાન્ય-પુલ સંસાધનો પર આધાર રાખે છે. પશુઉછેર પ્રણાલીઓની વ્યાપક શ્રેણી અસ્તિત્વમાં છે, જેમાં સંપૂર્ણ વિચરતાથી માંડીને વિચરતા પશુપાલકો અને સ્થાયી પશુપાલકો સુધીના સામેલ છે. વિચરતા પ્રણાલીમાં જાળવવામાં આવતી પ્રજાતિઓમાં ઊંટ, ઢોર, બતક, ગધેડા, બકરા, ઘુક્કર, ઘેટાં અને યાકનો સમાવેશ થાય છે. ઘણા પશુપાલકો પરંપરાગત જાતિના સભ્યો છે.

પરંતુ અન્ય સમૂહો, કે જેને "બિન-પરંપરાગતપશુપાલકો" તરીકે ઓળખવામાં આવે છે, તેઓ પણ વિચરતા પશુપાલન સાથે સંકળાયેલા છે. સઘન પશુધન પ્રણાલીઓ ભારતના દૂધ અને માંસના મોટા હિસ્સાનું ઉત્પન્ન કરે છે. પશુઓનું ખાતર પણ પાક લેતા ખેડૂતો માટે ખાતરનો મહત્વપૂર્ણ સ્રોતછે; ઘણા પશુપાલકો માટે ખાતર તેમની આવકનો મુખ્ય સ્રોત છે.

તંત્રી સ્થાનેથી......

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના નાગરિકોને નગરપાલિકાઓના તમામ પ્રકારના બાકી વેરા ભરપાઈ કરવા માટે રાહત આપતા બે મહત્વપૂર્ણ નિર્ણય કર્યા છે. મુખ્યમંત્રીશ્રીએ રાજ્યની તમામ વર્ગની નગરપાલિકાઓ પૂરતા નાણા ભંડોળ અને નાણાંકીય વ્યવસ્થાપન દ્વારા આત્મનિર્ભર બને અને નગરોના કરદાતાઓને પણ કર ભરવામાં પ્રોત્સાહન મળે તેવા હેતુથી આઝાદી કા અમૃત મહોત્સવ પ્રોત્સાહક વળતર યોજના જાહેર કરેલી છે. આ સંદર્ભમાં આ વળતર યોજનાના ધોરણો વધુ ઉદાર બનાવવાના જનહિતકારી બે નિર્ણયો મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે કર્યા છે. મુખ્યમંત્રીશ્રીએ કરેલા આ નિર્ણય અનુસાર, જે કરદાતાઓ તેમની મિલ્કત ઉપરના તા.૩૧મી માર્ચ-૨૦૨૨ સુધીના કે તે પહેલાના માંગણા બિલના તમામ પ્રકારના વેરાની બાકી રકમ તા.૩૧મી માર્ચ-૨૦૨૩ સુધીમાં ભરપાઈ કરે તેમને નોટિસ ફી, વ્યાજ પેનલ્ટી અને વોરંટ ફી ની રકમ ૧૦૦ ટકા માફ કરી દેવાશે. શ્રી ભૂપેન્દ્ર પટેલે એવો પણ નિર્ણય કર્યો છે કે, આગામી નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ ની વેરાની રકમ તા.૩૦ જૂન-૨૦૨૩ સુધીમાં એડ્વાન્સ ભરી દે તેવા કરદાતાઓને આ આઝાદી કા અમૃત મહોત્સવ પ્રોત્સાહક વળતર યોજના અંતર્ગત ૧૦ ટકા રિબેટ-વળતર અપાશે. આવી વેરાની એડ્વાન્સ રકમ તા.૩૦ જૂન-૨૦૨૩ સુધીમાં મોબાઈલ એપ્લીકેશન કે ઈ-નગર ઓનલાઈન પોર્ટલ દ્વારા ભરપાઈ કરે તેવા કરદાતાઓને વધારાનું પાંચ ટકા વળતર આપવામાં આવશે. એટલે કે, ઓનલાઈન એડ્વાન્સ ટેક્ષ ભરનારા નાગરિકોને કુલ મળીને ૧૫ ટકા રિબેટ વર્ષ ૨૦૨૩-૨૪ના ભરવાપાત્ર વેરાની રકમ તા.૩૦ જૂન-૨૦૨૩ સુધીમાં એડ્વાન્સમાં ચુકવવા ઉપર મળશે. મુખ્યમંત્રીશ્રીના આ જનહિતકારી નિર્ણયને પરિણામે રાજ્યના નગરજનોને ટેક્ષ ભરપાઈ કરવાનું તેમજ આગામી વર્ષનો એડવાન્સ ટેક્ષ ભરવાનું પ્રોત્સાહન અને પ્રેરણા મળતા થશે. એટલું જ નહિ, ઓનલાઈન ટેક્ષ ટ્રાન્ઝેકશન્સને પણ પ્રેરક બળ મળશે.

કમલમ્ ન્યુઝ, રાકેશ વાળા

તાપી જિલ્લાના ડોલવણ તાલુકાના ધોળકા ગામ માં સાવિત્રી દીદી ગરીબ આદિવાસી બાળકો ને જુદા જુદા વિસ્તારો ના જરૂરિયાતમંદ બાળકો ને રાખે છે, ભણાવે છે, ત્યા ના બાળકોને. કપડાં, સ્વેટર, ટ્રેકફેન્ટ, નોટબુક, સ્ટેશનરી, અનાજ, રમતગમત ના સાધનો આપિયા છે, જન સેવા એજ પ્રભુ સેવા છે. એવો દાખલો પૂરો પાડિયો છે. નારી તુ નારાયણી, સમાજ માટે સેવા નો ભેખ ધારણ કરનાર સાવિત્રી દીદી ને વંદન, આ સેવા કાર્ય મા મનીષાબેન દેસાઈ ભાજપ પ્રમુખ મહિલા મોરચા વ્યારા નગર સેવા કાર્ય મા સહભાગી બન્યા હતા.

પ્રોજેક્ટ વૃદ્ધિની રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય (કેર એન્ડ એક્શન અગેઈન્સ્ટ હંગર) ટીમે સાબરકાંઠાની બે દિવસીય મુલાકાત લીધી

કમલમ્ ન્યુઝ, સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાની આંગણવાડીઓની પ્રોજેક્ટ વૃદ્ધિની રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય (કેર એન્ડ એક્શન અગેઈન્સ્ટ હંગર) ટીમે બે દિવસીય મુલાકાત લીધી હતી. આ ટીમ જિલ્લા વિકાસ અધિકારીશ્રી દિપેશ શાહ અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી રાજ સુતરીયા સાથે બેઠક કરી વ્યૂહરચના બનાવવા વિગતવાર ચર્ચા કરી હતી. માતા અને બાળકને કુપોષણ માં પ્રવેશતા અટકાવવા, માતા અને બાળકને કુપોષણ અને એનિમિયા ની પરિસ્થિતિ સમજાવો અને તેને ઘટાડવા માટેની વ્યૂહરચના નક્કી કરવા આરોગ્ય શાખા, સાબરકાંઠા જિલ્લા પંચાયત અને પ્રોજેક્ટ વૃદ્ધિની સંયુક્ત પહેલી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ટીમ હિંમતનગર તાલુકાના આંગણવાડી સેન્ટરની મુલાકાત લઈ માતાઓ માટે આયોજિત સેશનનું અવલોકન કર્યું હતું. અન્નપ્રાશન દિવસની ઉજવણીમાં હાજરી આપી બાળકને અન્નપ્રાશન કરાવ્યું હતું અને ગાંભોઈ ગામના બાળ સેવા કેન્દ્રની મુલાકાત લઈ જાણકારી મેળવી બાળકોના પ્રવેશ અને સારવાર અંગે ચર્ચા કરી. આ ટીમ હિંમતનગર તાલુકાના ન્યુટ્રિશન રિહેબિલિટેશન સેન્ટરની મુલાકાત વખતે બાળરોગ નિષ્ણાત અને અન્ય દ્રઈઝ સ્ટાફ, તાલુકા હેલ્થ ઓફિસર અને મેડિકલ ઓફિસર સાથેની વાતચીતમાં તેમણે તાલુકામાં કુપોષણની સ્થિતિ અને શિશુ અને બાળ પોષણ પ્રથાઓ અને વર્તણૂક માં બદલાવ અંગે સરકારી અધિકારીઓના અનુભવો વિશે ચર્ચા કરી હતી. આ ટીમે બિજા દિવસે પોશીના બ્લોકમાં ૮ મહિનાના એક બાળકના પરિવારની મુલાકાત લેતા માંદગી દરમિયાન ખોરાક આપવાની પ્રથાઓ પર અને પૂરક ખોરાક આપવાની પ્રથાઓ ની સમજ મેળવી હતી.

આ ટીમ ૦ થી ૫ મહિનાના બાળકના પરિવારને સ્તનપાન કરાવવાની રીત, પોઝિશનિંગ (યોગ્ય મુદ્રાઓ) અને લેચિંગ સમજવા માટે મળી હતી. ટીમ દ્વારા ખિજડાફળી, તા.પોશીના ના આંગણવાડી કેન્દ્રની મુલાકાત લીધી અને બાળ વિકાસ પ્રોજેક્ટ અધિકારી સાથે એનિમિયા, સ્વચ્છતા સંબંધિત ચર્ચા કરી હતી. આ મુલાકાતમાં પ્રોજેક્ટ વૃધ્ધિના ન્યુટ્રિશિયન હેડ મિસ અલેક્સાંદ્ર, સિનિયર પ્રોજેક્ટ મેનેજર મિસ ઈરેન અને સ્થાનિક અધિકારીઓ જોડાયા હતા.

શિયાળામાં સ્વાસ્થ્ય ની દરકાર અર્થે સસ્તા દરે આરોગ્યપ્રદ પીણાનો વેપાર કરતા યુવાન રાજકોતવાણી

હિંમતનગરના મહાવીરનગર વિસ્તારમાં માત્ર પાંચ જ રૂપિયામાં તાજા જ્યુસ, અંકુરીત કઠોર અને સૂપનું વેચાણ કરવામાં આવે છે

કમલમ્ ન્યુઝ, યુનુસ મેમણ

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરમાં મહાવીરનગર ચોકડી વિસ્તારમાં ૨૯ વર્ષિય ગ્રેજ્યુએટ રાજ કોતવાણી છેલ્લા ત્રણ માસથી આરોગ્યપ્રદ જ્યુસનુ નજીવા દરે વિતરણ કરીને લોકોના આરોગ્યને સેવાના ભાવ થી શણગારી રહ્યા છે. શિયાળાની સીઝન એટલે આરોગ્યને શણગારવાની સિઝન રાજ કોટવાણી જણાવે છે કે, તેઓ હિંમતનગર ખાતે છેલ્લા ત્રણ માસથી આ સાંઈ જ્યુસ સેન્ટરની શરૂઆત કરી છે આનાથી પહેલા તેઓ ઈન્દોર ખાતે દોઢ વર્ષ આ કામ કર્યું હતું. તેઓ ૧૪ પ્રકારના જ્યુસ, બે પ્રકારના સૂપ —અને છ પ્રકારના કઠોળ સવારે છ થી નવ કલાક સુધી વિતરણ કરે છે. તે પણ નજીવા દરે માત્ર પાંચ રૂપિયામાં તેઓ સેવાના ભાવથી આ કામ કરી રહ્યા છે. તેઓ પોતે ગ્રેજ્યુએટ છે અને ઘરે બેઠા એકાઉન્ટનું કામ કરે છે તેની સાથે સવારના ૩:૦૦ કલાકે ઊઠીને દરરોજ તાજા જ્યુસ બનાવે છે અને આરોગ્ય રસિકોને પીવડાવે છે આ કામમાં તેમના પત્ની તાન્યા પણ મદદરૂપ બને છે. વધુમાં તેઓ જણાવે છે કે, ઈન્દોર ખાતે તેમના સસરા ની જગ્યાએ દોઢ વર્ષ આ કામ કર્યું હતું અને હિંમતનગર આવીને જ્યુસ બનાવવાનું શરૂ રાખી લોકોને આરોગ્ય પ્રદાન કરવાની ઈચ્છાથી અને પોતાની હસ્તગત કરેલ કલાનો ઉપયોગ થાય લોકોને તેનો લાભ મળે અને લોકો સ્વાસ્થ્ય અને નિરોગી બને તેવા ઉદ્દેશથી કોઈપણ ને પરવડે તેવા નજીવા દરે આ જ્યુસ કઠોળ અને સૂપનું વિતરણ કરે છે. જ્યુસ, કઠોળ, સૂપ માત્ર અને માત્ર પાંચ જ રૂપિયામાં આપે છે. જેથી કોઈ પણ ને પરવડે તેવી રીતે તેઓ વિતરણ કરે છે. કોરોનામાં આપણે જોયું કે ગળો એ ખૂબ જ લાભપ્રદ ઔષધી રહી જેના સેવનથી તાવ, ડેન્ગ્યુ, મેલેરિયા જેવા તાવ થી મુક્તિ મળે છે.

આ સાથે બીજી અનેક સમસ્યામાં ડાયાબિટીસમાં, આંખની બળતરા, પેશાબ ની તમામ પ્રકારની અસામાન્યતા ગળોના નિયમિત સેવનથી નિયંત્રિત કરી શકાય છે. કારેલા, જવારા, એલોવેરા, આમળા, બીટ, ટામેટા, દૂધી, નારિયેળ જેવા જ્યુસનું તેઓ વિતરણ કરે છે. કઠોળમાં ફણગાવેલા અનાજ મગફળી, મગ, મોત, ચાવ, ઘઉં, મેથી વગેરે અંકુરિત કરીવિતરણ કરે છે. જેથી વિટામિન્સ અને મિનરલ્સ મળવાની સાથે ઝડપી સુપાચ્ય અને પૌષ્ટિક હોવાને લીધે શરીરને ઘણા લાભ મળી રહે છે. સૂપમાં ટામેટો સૂપ અને મિક્સ વેજ. સૂપ જેમાં આઠ પ્રકારના શાક અને ભાજીનો ઉપયોગ કરે છે. હાલના સમયની સૌથી મોટી સમસ્યા સ્થૂળતા છે જેમાં દૂધીનો જ્યુસ ખૂબ જ ફાયદાકારક છે. ટામેટા પાચનશક્તિ અને ભૂખ વધારે છે.

કિડનીના રોગો મટાડે છે બ્લડ ટ્રાન્સફયુઝન દર્દી શરીરમાંથી રોગકારક પદાર્થોને દૂર કરવામાં અને નવા શક્તિશાળી કોષો ઉત્પન્ન કરવામાં ફાયદાકારક છે. બીટ મધુર પૌષ્ટિક લોહી વધારનાર અને માનસિક વિકાર માં લાભકારી છે. આધાશીશી નો દુખાવો, આંખોની નબળાઈ, પેશાબ ની સમસ્યા, કાનનો દુખાવો વગેરેમાં લાભકારી છે. સૌથી વધુ ફાયદાકારક આમળાનો જ્યુસ ત્રિદોષ અને શરીરના તમામ વિકારોને દૂર કરે છે આંખોની રોશની વધારી આંખના તમામ રોગો દૂર કરે છે શરીરને નવજીવન અને યુવાની આપે છે. આમ તાજા જ્યુસ પીવાથી લોકોને શારીરિક અનેક સમસ્યાઓને ડૉક્ટર અને દવા વગર દૂર કરી શકાય છે.

નનાનપુર હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર ખાતે નેત્રનિદાન કેમ્પ યોજવામાં આવ્યો

કમલમ્ ન્યુઝ, મનુભાઈ નાયી, પ્રાંતીજ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતીજ તાલુકાના ફતેપુર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના નનાનપુર હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર ખાતે નેત્ર નિદાન કેમ્પ યોજવામાં આવ્યો. જેમાં ૧૧૫ જેટલા દર્દીઓના નેત્રોની મફત તાપસ કરવામાં આવી. જેમાંથી ૧૫ જેટલા દર્દીઓનું મોતીયાનું નિદાન થયું હતું. જેમને ઓપરેશન માટે સલાહ આપવામાં આવી હતી. સામુહિક આરોગ્ય કેન્દ્ર તખતગઢના ઓપથેલમિક આસિસ્ટન્ટ હરેશ પટેલ દ્વારા આંખોની તપાસ કરવામાં આવી હતી. કેમ્પને સફળ બનાવવા હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરના સી.એચ.ઓ. તેજસ નાયક, આરોગ્ય કાર્યકર શૈલેષ નાયી, સૃષ્ટી પરમાર, આશા કાર્યકરોએ સુંદર પ્રયત્ન અને આયોજન કર્યું હતું. પ્રાંતીજ તાલુકા આરોગ્ય અધિકારી ડૉ.એ.એચ સોલંકી, ફતેપુર પ્રા.આ.કેન્દ્રના મેડિકલ ઓફિસર ડૉ.પાર્થ પટેલ, આયુષ ડૉ.હેતલ પ્રજાપતિ અને સુપરવાઈઝર કીર્તિ પટેલ દ્વારા માર્ગદર્શન આપી કેમ્પને સફળ બનાવવા બદલ તમામ કર્મચારીઓને શુભેચ્છાઓ પાઠવી હતી.

કમલમ્ ન્યુઝ, મયુરપટેલ

સુરત જિલ્લા ગ્રામ્ય વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા હિન્દુઓ પર થઈ રહેલ હત્યા સંદર્ભે આવેદનપત્ર આપવામાં આવ્યું છેલ્લા ઘણા સમયથી હિન્દુ સમાજ ઉપર કટર પંથી ઓ દ્વારા હત્યાઓ કરવામાં આવી રહ્યો છે સાથે હુમલા ઓ થઈ રહ્યા છે આવા ઘટનાઓ અવિરત બની રહ્યા છે. સમાજ ઉપર થઈ રહેલ હત્યા અને હુમલાઓ ના સંદર્ભે સુરત જિલ્લા ગ્રામ્ય વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા કામરેજ મામલતદાર કચેરીએ આવેદનપત્ર આપવામાં આવ્યો જેમાં મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા

સાબરકાંઠા જિલ્લા પંચાયતના જનપ્રતિનિધિઓની એક દિવસીય કાર્યશિબિર યોજાઈ

કમલમ્ ન્યુઝ,

સાબરકાંઠા જિલ્લામાં ન્યુ સર્કિટ હાઉસ હિંમતનગર ખાતે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી ધીરજભાઈ પટેલના અધ્યક્ષસ્થાને પી.આર.આઈ અને રાષ્ટ્રીય વાહકજન્ય રોગ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત એક દિવસીય કાર્ય શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યશિબિરમાં સાબરકાંઠા જિલ્લા પંચાયત દ્વારા ચૂંટાયેલા જનપ્રતિનિધિઓને રાજ્ય સરકાર દ્વારા અમલી બનાવી આરોગ્ય સુવિધા, તમામ આરોગ્યલક્ષી કાર્યક્રમો અને યોજનાઓ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. જનપ્રતિનિધિઓ પ્રજાની વચ્ચે રહીને તેમને આરોગ્યલક્ષી સરકારી સેવાઓ થી માહિતગાર કરી શકે અને વધુમાં વધુ લોકો સરકારી સેવાઓ નો લાભ લઈ શકે તેવા ઉદ્દેશ્યથી આ કાર્ય શિબિર યોજાઈ હતી. આ કાર્યશિબિરમાં આરોગ્ય ક્ષેત્રે સરકારે નવી જાહેર કરેલ સેવાઓ, સેવાઓ માં કરવામાં આવેલ સુધારા તેમજ ટી.બી. નિર્મૂલન કાર્યક્રમ, રાષ્ટ્રીય વાહકજન્ય રોગ નિયંત્રણ ડેંગ્યુ, મેલેરીયા વગેરે, માતૃ વંદના કાર્યક્રમ, રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ, પી.એમ.જે.વાય., માતૃ-બાળ કલ્યાણ ને લગતી યોજનાઓ જેવી યોજનાઓની વિસ્તૃત ચર્ચા કરી જાણકારી આપવામાં આવી હતી. કાર્યશિબિર માં જિલ્લા વિકાસ અધિકારીશ્રી શાહ, ઉપ પ્રમુખશ્રી. અમૃતસિંહ પરમાર, કારોબારી અધ્યક્ષ શ્રી વિપુલભાઈ પટેલ, જિલ્લા આરોગ્ય સમિતિ ચેરમેન શ્રી શંકરભાઈ, જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારીશ્રી ડો.રાજ સુતરીયા, અધિક જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો.ચારણ તેમજ ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ અને આરોગ્ય શાખાના અધિકારી હાજર રહી આ કાર્યશિબિર ને સફળ બનાવી હતી.

સરકારી યોજનાના અમલીકરણ સાથે સંકળાયેલા અધિકારીઓ સાથે પ્રભારી મંત્રી શ્રી કુંવરજીભાઈ હળપતિના અધ્યક્ષસ્થાને પ્રથમ સંકલન બેઠક યોજાઈ

સાંસદ શ્રી મનસુખભાઈ વસાવા ની પ્રેરક ઉપસ્થિતિ

કમલમ્ ન્યુઝ, નરેન્દ્ર પટેલ

ભરૂચ જિલ્લાના પ્રભારી મંત્રી શ્રી કુંવરજીભાઈ હળપતિના અધ્યક્ષસ્થાને આજરોજ જિલ્લા આયોજન ભવન ખાતે જિલ્લાના અમલીકરણ અધિકારીઓ સાથે બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. ભરૂચ જિલ્લાના પ્રભારી મંત્રી તરીકેની નિયુક્તિ બાદ જિલ્લા અધિકારીઓની પ્રથમ બેઠકને સંબોધતા મંત્રીશ્રીએ, જે તે વિભાગને ફાળવાયેલી ગ્રાન્ટ સમયસર પૂર્ણ કરી, જરૂરી વહીવટી અને તાંત્રિક મંજૂરીઓ પણ સમયસર મેળવી લેવાની તાકિદ કરી હતી. જિલ્લા આયોજન ભવન ખાતે આયોજીત બેઠકમા મંત્રીશ્રીએ પ્રજા કલ્યાણના કાર્યો ખોટી રીતે વહીવટી પ્રક્રિયામા ન અવરોધાય તેની તકેદારી દાખવવા પણ અપીલ કરી હતી. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને મુખ્ય મંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની મહત્વાકાંક્ષા અનુસાર, છેવાડાના માનવીઓના સર્વાંગીણ વિકાસ માટેના કાર્યો યોજનાઓનો લાભ સમયસર સંબંધિતોને મળે તે અનિવાર્ય છે તેમ જણાવતા પ્રભારી મંત્રીશ્રીએ, પ્રજા કલ્યાણનુ હિત હૈયે રાખવાની પણ સૌ અમલીકરણ અધિકારીઓને તાકીદ કરી હતી. બેઠક દરમિયાન મંત્રીશ્રીએ આદિજાતી વિકાસ વિભાગ, ગ્રામ વિકાસ, શ્રમ અને રોજગાર, આયોજન મંડળ, પાણી પુરવઠા, વાસ્મો, શિક્ષણ, આરોગ્ય, વીજ, માર્ગ અને મકાન વગેરે વિભાગની સુવિધાઓની ઝીણવટભરી સમિક્ષા હાથ ધરી હતી. બેઠક દરમિયાન જિલ્લા કલેક્ટર શ્રી તુષાર સુમેરાએ જિલ્લા વહીવટી તંત્ર વતી પ્રભારી મંત્રીશ્રીનું સ્વાગત કરી, જિલ્લાના વિકાસ કાર્યો-યોજનાઓથી મંત્રીશ્રીને અવગત કરાવ્યા હતા. કલેક્ટરશ્રીએ, મંત્રીશ્રીની અપેક્ષાઓ મુજબ જિલ્લાના કાર્યો સમય મર્યાદામા પૂર્ણ થાય તેવી જિલ્લા પ્રશાસન વતી ખાતરી પણ આપી હતી. ભરૂચના સાંસદશ્રી મનસુખભાઈ વસાવા, જિલ્લાના ધારાસભ્યો સર્વશ્રી શ્રી રમેશભાઈ મિસ્ત્રી, શ્રી ડી.કે.સ્વામિ, શ્રી રિતેશભાઈ વસાવા, તેમજ જિલ્લા પંચાયત પ્રમુખશ્રી અલ્પાબેન પટેલ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી પી. આર. જોષી, જિલ્લા પોલીસ અધિક્ષક ડૉ. લીના પાટીલ સહિત જિલ્લાના ઉચ્ચ-વરિષ્ઠ અધિકારીઓ, તાલુકા પંચાયતોના પ્રમુખશ્રીઓ, જિલ્લાના અમલીકરણ અધિકારીઓ વિગેરેએ ઉપસ્થિત રહી ચર્ચામા ભાગ લીધો હતો.

કમલમ્ ન્યુઝ,

આણંદ નગરપાલિકા સંચાલિત નગર પ્રાથમિક શાળા નંબર ૭ રૂપાપુરા ખાતે નવીન વર્ગખંડોના લોકાર્પણ પ્રસંગે ધારાસભ્ય યોગેશભાઈ આર પટેલ (બાપજી) ઉપસ્થિત રહ્યા હતાં. તેમની સાથે આ પ્રસંગમાં સાંસદશ્રી મિતેષભાઈ પટેલ, આણંદ જિલ્લા પ્રમુખ તેમજ ધારાસભ્ય શ્રી વિપુલભાઈ પટેલ, જિલ્લા મહામંત્રી શ્રી નિરવભાઈ અમીન, આણંદ શહેર પ્રમુખ શ્રી મયુરભાઈ પટેલ, મહામંત્રી શ્રી સ્વપ્રિલભાઈ પટેલ, મહામંત્રી અમિતભાઈ ઠાકોર, નગરપાલિકા પ્રમુખ શ્રી રૂપલબેન પટેલ, ઉપપ્રમુખ શ્રીમતી છાયાબેન ઝાલા, આણંદ નગરપાલિકાના કાઉન્સિલરશ્રીઓ, સહિત શિક્ષણ સમિતિના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

મહુવા વિશ્વ હિન્દુ પરિષદ બજરંગ દળ સુરત ગ્રામ્ય દ્વારા તોડી પડાયેલ પૌરાણિક મંદિર પુનર્નિર્માણ કરવા મામલતદારને આવેદનપત્ર અપાયું

કમલમ્ ન્યુઝ, મયુર પટેલ

સુરત જિલ્લાના મહુવા તાલુકામાં ખૂબ જ પૌરાણિક જૂનું રામજી મંદિર છેલ્લા ત્રણ વર્ષ પહેલા ટ્રસ્ટીઓ દ્વારા તોડી પાડવા માં આવેલા હતા આ પૌરાણિક મંદિર પુના નિર્માણ કરવા ના બદલે ટ્રસ્ટીઓ દ્વારા આજ દિન સુધી મંદિર નિર્માણનું કાર્ય શરૂ કર્યું નહીં અને પ્રજાન સાથેદ્રોહ કરી મંદિરની જગ્યા જાણવા પ્રમાણે બારોબાર વેચી મારવાનો કારસ્તાન ઘડવા માં આવ્યો,,!! આ જૂનું પૌરાણિક સ્થાનનો નિરીક્ષણ વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા કરી ફરી આ સ્થાનમાં ભવ્ય મંદિર નિર્માણ થાય તે દિશામાં અને આ સંદર્ભે મામલતદાર શ્રી મહુવા કચેરી આવેદનપત્ર આપવામાં આવ્યું હતું આવેદનપત્રમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુ ભક્તો સહિત વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ ના કાર્યકર્તાઓ જોડાયા હતા

અંકલેશ્વર ની પોદાર વર્લ્ડ સ્કૂલે ભારતની ટોચની ૫૦૦ શાળાઓ માં ત્રણ એવોર્ડ પ્રાપ્ત કર્યા

પોદાર સ્કૂલ ને જીવન કૌશલ્ય શિક્ષણમાં શ્રેષ્ઠતા નવીન વ્યવહારમાં શ્રેષ્ઠતા. અને ગુજરાતની શ્રેષ્ઠ ઝમ્જીઈ શાળાઓનો પુરસ્કાર. એનાયત કરાયા

કમલમ્ ન્યુઝ, નરેન્દ્ર પટેલ

અંકલેશ્વર ની પોદાર વર્લ્ડ સ્કૂલ ને વધુ એક પ્રતિષ્ઠિત એવોર્ડ મળ્યો છે. હૈદરાબાદ ખાતે યોજાયેલ બ્રેઈનફીડ સ્કૂલ એક્સેલન્સ એવોર્ડ સમારોહ માં અંકલેશ્વર ની પોદાર વર્લ્ડ સ્કૂલ ને ત્રણ એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા બ્રેઈનફીડ સ્કૂલ એક્સેલન્સ એવોર્ડ સમારોહ નું હૈદરાબાદ ખાતે ફોર્મર ડાયરેક્ટર જનરલ ઓફ પ્રિસોન્સ ના ડોક્ટર સી.એન ગોપીનાથ રેડ્ડી અને તેલંગણા રેકોગનિઝ્ડ સ્કૂલ મેનેજમેન્ટ એસોસિયેશનના પ્રમુખ વાય શેખર રાવ સહીત ના અધિકારીઓ ની ઉપસ્થિતિ માં ભારતની ટોચની ૫૦૦ શાળાઓ એવોર્ડ ૨૦૨૩ સમારંભ નું આયોજન કરવામાં આવ્યું હતુ, જેમાં અંકલેશ્વર ની રાજપીપલા ચોકડી પાસે આવેલ પોદાર વર્લ્ડ સ્કૂલ ને જીવન કૌશલ્ય શિક્ષણમાં શ્રેષ્ઠતા અને .નવીન વ્યવહારમાં શ્રેષ્ઠતા. તેમજ ગુજરાતની શ્રેષ્ઠ ઝમ્જીઈ શાળાઓનો પુરસ્કાર. ઉપસ્થિત મહાનુભાવો ના હસ્તે શાળા ના આચાર્ય ગંગાધર ને આ ત્રણ પ્રતિષ્ઠિત એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા શાળા ને બ્રેઈનફીડ સ્કૂલ એક્સેલન્સ એવોર્ડ મળતા શાળા ના શિક્ષકો માં ખુશી નો માહોલ હતો

પ્રભારી મંત્રીશ્રી ભીખુસિંહજી પરમારે વાવડી સ્થિત ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સના બાળકોને શૈક્ષણિક કીટ આપી તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે પ્રોત્સાહિત કર્યા

નર્મદા જિલ્લા પ્રભારી મંત્રીશ્રી ભીખુસિંહજી પરમારે જિલ્લાના પ્રવાસના બીજા દિવસે ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સની લીધેલી મુલાકાત

તમામ સુવિધાઓથી સજ્જ ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સનું નિરિક્ષણ કરીને બાળકોને આપવામાં આવતી સુવિધાઓનું મુલ્યાંકન કરતાં પ્રભારી મંત્રીશ્રી

કમલમ્ ન્યુઝ,રાજપીપલા

ગુજરાત રાજ્યના અન્ન અને નાગરિક પુરવઠા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના રાજ્યકક્ષાના મંત્રીશ્રી અને નર્મદા જિલ્લના પ્રભારી મંત્રીશ્રી ભીખુસિંહજી પરમારે નંદોદ તાલુકાના વાવડી ખાતે આવેલા ચિલ્ડ્રન્સ હોમ ફોર ગર્લ્સની મુલાકાત લઈ બાળકો સાથે સમય વિતાવ્યો હતો. ચિલ્ડ્રન્સ હોમ ફોર ગર્લ્સની મુલાકાત દરમિયાન પ્રભારી મંત્રીશ્રીએ બાળકો સાથે વિતાવેલો સમય અહીંના બાળકો માટે ખૂબ જ યાદગાર રહ્યો હતો. મંત્રીશ્રીએ બાળકોને શૈક્ષણિક કીટ આપીને બાળકોનું ભાવિ ઉજ્જવળ બનાવવા માર્ગદર્શન સાથે શુભેચ્છા પાઠવી મંત્રીશ્રીએ જણાવ્યું કે, રાજ્ય સરકારશ્રીએ શિક્ષણ, સ્વાસ્થ્ય અને પોષણક્ષમ સુવિધાઓ પુરી પાડી નિરાધાર બાળકો માટે ગોઠવેલી વ્યવસ્થા થકી અહીં આશ્રિત પ્રત્યેક બાળક પોતાનું ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણ કરવા માટે સક્ષમ બની રહ્યો છે.આ મુલાકાત દરમિયાન મંત્રીશ્રી ભીખુસિંહજીએ સંપૂર્ણ હોસ્ટેલ કેમ્પસનું જાત નિરીક્ષણ કરીને બાળકોને આપવામાં આવેલી તમામ સુવિધા સહિત સ્વચ્છતા અને જાળવણી નિહાળી પ્રશંસા વ્યક્ત કરી હતી. જિલ્લા કલેક્ટર શ્રીમતી શ્વેતા તેવતિયાએ પણ ચિલ્ડ્રન્સ હોમ ફોર ગર્લ્સમાં રહેતા આશ્રિત બાળકોના શિક્ષણ, સ્વાસ્થ્ય, પોષણયુક્ત આહાર સહિત તેમનામાં રહેલા કૌશલ્યને ઉજાગર કરવા માટે આપવામાં આવતી કોમ્પ્યુટર, સિવણ, સંગીત કલાસની તાલીમ અને વાંચન માટેની લાઈબ્રેરીની સુવિધા અંગે માહિતગાર કર્યા હતા.ચિલ્ડ્રન્સ હોમ ફોર ગર્લ્સ હોસ્ટેલમાં નિરાધાર, આશ્રિત બાળકો, બાળ મજુર, પરીવારથી વિખુટા પડેલા બાળકોની સુરક્ષા અને કાળજી લઈ શિક્ષણ, સ્વાસ્થ્ય, પોષણયુક્ત આહાર પુરા પાડી વાંચન માટે અદ્યતન લાયબ્રેરી અને ટેકનોલોજી માટે કોમ્પ્યુટર કલાસ તેમજ રોજગારીના માધ્યમ માટે સિવણ અને સંગીતની તાલિમ આપી બાળકોમાં રહેલા કૌશલ્યને ઉજાગર કરી તેમના ઉજ્જવળ ભવિષ્ય સાથે સમાજના મુખ્ય પ્રવાહ સાથે જોડવાની સરાહનીય કામગીરી જિલ્લા વહિવટીતંત્ર દ્વારા કરવામાં આવી રહી છે. આ મુલાકાત દરમિયાન નર્મદા જિલ્લા કલેક્ટર શ્રીમતી શ્વેતા તેવતિયા, નિવાસી અધિક કલેક્ટરશ્રી સીએ.ગાંધી, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી સુશ્રી જીજ્ઞાબેન દલાલ, નાંદોદના પ્રાંત અધિકારીશ્રી શૈલેષ ગોકલાણી, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી બી.પી. રાણપરિયા પણ ઉપસ્થિત રહ્યા હતા.

કેબિનેટ મંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલે આખલાઓના ખસીકરણની રાજયવ્યાપી ઝુંબેશનો મોરબી યદુનંદન ગૌશાળા ખાતેથી પ્રારંભ કરાવ્યો હતો.

કમલમ્ ન્યુઝ,

રાજ્ય સરકાર દ્વારા જન હિતમાં અન્ય એક અગત્યનો નિર્ણય લેવામાં આવ્યો છે. રખડતા ઢોર અને ખાસકરીને આખલાઓના ત્રાસમાંથી લોકોને મુક્તિ આપવામાં માટે આખલાઓનું ખસીકરણ કરવાની ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. જેનો મોરબીની યદુનંદન ગૌશાળા ખાતેથી કેબિનેટ મંત્રીશ્રીએ શુભારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે કૃષિ, પશુપાલન અને ગૌસંવર્ધન મત્સ્યોદ્યોગ, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ કેબિનેટ મંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલે આ ખસીકરણ ઝુંબેશનો પ્રારંભ કરાવતા જણાવ્યું હતુ કે, સરકાર લોકોની સતત ચિંતા કરે છે. રસ્તે રખડતા પશુઓનું સંવર્ધન થાય અને આ ઢોરના કારણે થતા અકસ્માતો, માનવ મૃત્યુ કે ઈજા અને ટ્રાફિકની સમસ્યા નિવારી શકાય તે માટે ખાસ આ ખસીકરણ ઝુંબેશનો પ્રારંભ કરવામાં આવ્યો છે. વધુમાં તેમણે જણાવ્યુંહતું કે,મોરબી ખાતે પ્રારંભ થતીઆ ખસીકરણ ઝુંબેશને એટલી વ્યાપક અને સફળ બનાવવામાં આવે કે, સમગ્ર રાજ્ય માટે નમાનુરૂપ બની રહે. આ ઝુંબેશમાં ગૌશાળાઓ અને વિવિધ સંસ્થાઓ સહિત સામાન્ય જનતાને સહયોગ આપવાતેમણે અપીલ કરી હતી. ઉપરાંત તેમણે જણાવ્યું હતું કે, સરકાર હંમેશા પશુપાલકોની પડખે ઉભી છે. પશુપાલકોની આર્થિક ઉન્નતિ માટે અનેક યોજનાઓ બનાવવામાં આવી છે. રાજયમાં હાલ ૪૬૫ ફરતા પશુ દવાખાના છે. જેમાં નવા ૧૨૭ ફરતા પશુ દવાખાના વધારો કરવામાં આવનાર છે. જેથી ગામે-ગામે પશુઓની સારવાર સુલભ બની રહેશે. આ તકે મોરબી-માળીયા ધારાસભ્યશ્રી કાંતિભાઈ અમૃતિયાએ જણાવ્યું હતું કે, જિલ્લામાં અનેક સેવાભાવી સંસ્થાઓ દ્વારા ગાયો અને અન્ય ઢોરનું સંવર્ધન કરવામાં આવી રહ્યું છે. ખસીકરણ ઝુંબેશ આવી સંસ્થાઓને સાથે રાખી કરવામાં આવે તો વધુ સફળતા મળશે. મોરબીથી પ્રારંભ થતી આ ઝુંબેશમાં મોરબીને મોડેલ બનાવવું છે તેવુ તેમણે વધુમાં જણાવ્યુ હતુ. આ તકે મંત્રીશ્રી સહિત મહાનુભાવોની પ્રેરક ઉપસ્થિતિમાં યદુનંદન ગૌશાળા ખાતે ૫૦ જેટલા આખલા અને વાછરડાઓનું ખસીકરણ કરવામાં આવ્યું હતુ. મંત્રીશ્રીના વરદ હસ્તે ગાયો માટે ઉદાર દિલે દાન કરતા દાતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. ઉપરાંત મહાનુભાવોએ શાસ્ત્રોક્ત મંત્રોચ્ચાર સાથે ગૌ-પૂજન પણ કર્યું હતું. આ તકે મંત્રીશ્રીએ સમગ્ર ગૌશાળાની મુલાકાત પણ કરી હતી. આ પ્રસંગે પૂર્વ મંત્રીશ્રી જયંતીભાઈ કવાડીયા અને બ્રિજેશભાઈ મેરજા, મોરબી જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી ચંદુભાઈશિહોરા, જિલ્લા પંચાયત કારોબારી સમિતિના ચેરમેનશ્રીજયંતીભાઈ પડસુંબિયા, નાયબ પશુપાલન નિયામકશ્રી એન.જે. ફળદુ, રિજિયોનલ ડાયરેકટરશ્રી ડૉ. ગોહિલ, અગ્રણી સર્વશ્રી લાખાભાઈ જારીયા, કુંવરજીભાઈ કાલરીયા, યદુનંદન ગૌશાળાના કાંતિભાઈ તેમજ ડોકટર્સની ટીમ સહિત વિવિધ લોકો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

માનવીય અભિગમને પ્રોત્સાહિત કરવા રાજ્ય સરકાર દ્વારા રિ-લોન્ચ કરાયેલા ગુડ સમરીટન એવોર્ડથી નર્મદા જિલ્લાના પાંચ વ્યક્તિઓને સન્માનીત કરાયા

રાજ્યકક્ષાએથી મુખ્યમંત્રીશ્રીના હસ્તે યોજનાના રિ-લોન્ચ કાર્યક્રમમાં ઓનલાઇન વિડીયો કોન્ફરન્સના માધ્યમથી જોડાતા જિલ્લા કલેકટરશ્રી અને જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી સહિત અન્ય અધિકારીશ્રીઓ

સાંસદશ્રી મનસુખભાઇ વસાવા અને ધારાસભ્ય ડો.દર્શનાબેન દેશમુખ સહિત અધિકારીશ્રીઓના હસ્તે પાંચ વ્યક્તિઓનું પ્રશસ્તિપત્ર સાથે કરાયેલું સન્માન

કમલમ્ ન્યુઝ,શૈશવ રાવ.

જીવલેણ માર્ગ અકસ્માતમાં ઈજા પામનાર વ્યક્તિને "ગોલ્ડન અવર" માં ઈજાગ્રસ્તનો જીવ બચાવી શકાય તે માટે મદદ પહોંચાડનાર વ્યક્તિને કેન્દ્ર સરકાર દ્વારા પુરસ્કૃત "ગુડ સમરીટન એવોર્ડ" યોજનાનું ગુજરાતમાં આજરોજ ગાંધીનગર ખાતેથી મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના હસ્તે રિ-લોન્ચીંગ કરવામાં આવ્યું હતું. જેમાં સમગ્ર રાજ્યના જિલ્લા કક્ષાના અધિકારીશ્રીઓ ઓનલાઈન વિડીયો કોન્ફરન્સના માધ્યમથી જોડાયા હતા. નર્મદા જિલ્લામાં ભરૂચના સાંસદશ્રી મનસુખભાઈ વસાવા, નાંદોદના ધારાસભ્ય ડૉ. દર્શનાબેન દેશમુખ, જિલ્લા કલેક્ટર શ્રીમતી શ્વેતા તેવતિયા અને જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી પ્રશાંત સુંબેના હસ્તે નર્મદા જિલ્લામાં અકસ્માતગ્રસ્ત વ્યક્તિઓને મદદરૂપ થનાર પાંચ વ્યક્તિઓને જિલ્લા કલેક્ટરાલયના કોન્ફરન્સ હોલ ખાતે એવોર્ડ આપી સન્માનિત કરાયાં હતા. માર્ગ અકસ્માતમાં ગભીર રીતે ઘવાયેલ વ્યક્તિને પ્રથમ કલાક એટલે કે "ગોલ્ડન અવર" માં યોગ્ય સારવાર મળી રહે તે માટે વિવિધ પ્રયાસો કરવામાં આવતા હોય છે. પરંતુ અનેક વખત લોકોના મનમાં કાયદાકીય ગુંચવણોમાં પડવાનો ડર રહેતો હોય છે. તેને દુર કરી રાજ્યની શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સરકારે માનવીય અભિગમને બિરદાવવાના ઉમદા આશય સાથે માર્ગ સલામતી સુનિશ્ચિત થાય તેવા શુભ આશય સાથે કેન્દ્ર સરકારની યોજના "સ્કીમ ઓફ એવોર્ડ ટુ ગુડ સમરીટન" ને રાજ્યમાં લાગુ કરી "ગુડ સમરીટન એવોર્ડ" તરીકે રિ-લોન્ચ કરી રાજ્યના નાગરિકોને અકસ્માતના સમયે ત્વરિત અસરથી મદદરૂપ થવા માટે યોગ્ય સન્માન મળી રહે તેવું આયોજન કર્યુ છે. આ યોજનામાં માર્ગ અકસ્માતમાં ઈજાગ્રસ્ત વ્યક્તિને નજીકની હોસ્પિટલ કે ટ્રોમા સેન્ટરમાં પહોંચાડનાર પરોપકારી-મદદગાર વ્યક્તિને તેમના માનવીય અભિગમ સાથેની મદદને બિરદાવીને પ્રોત્સાહિત કરવામાં આવશે. "ગુડ સમરીટન એવોર્ડ" માટેના નક્કી થયેલા માપદંડોમાં એક ગુડ સમરીટન એક અથવા વધુ વ્યક્તિઓના જીવ બચાવે તો તેને રૂ.૫,૦૦૦/- સુધીનો રોકડ પુરસ્કાર, જો એક કરતા વધુ ગુડ સમરીટન એક વ્યક્તિનો જીવ બચાવે તો તેમની વચ્ચે રૂ.૫,૦૦૦/- સમાન રીતે વહેંચવામાં આવશે અને જો એક કરતા વધુ ગુડસમરીટન એક કરતા વધુ વ્યક્તિઓનો જીવ બચાવે તો મહત્તમ રૂ.૫,૦૦૦/- પ્રતિ ગુડ સમરીટન વ્યક્તિનેપુરસ્કાર સ્વરૂપે ચૂકવવાનું નક્કીકરવામાં આવ્યું છે. નર્મદા જિલ્લામાં ઉક્ત જણાવેલા માપદંડો હાંસલ કરનાર અને માર્ગ અકસ્માતમાંઇજાગ્રસ્ત વ્યક્તિઓને હોસ્પિટલ સુધી પહોંચાડનારા જિલ્લા ટ્રાફીક શાખાના હાઈવે પેટ્રોલ કારમાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ શ્રી બિપીનભાઈ કનુભાઈ વસાવા, ૧૦૮-એમ્બ્યુલન્સના પાયલોટ શ્રી યશપાલસિંહ રણજીતસિંહ ડોઢીયા, ખાનગી એમ્બ્યુલન્સના ચાલક શ્રી વિકેશભાઇ કનુભાઇ માછી, રાજપીપલાના નાગરિક મુજફર મહેબુબભાઇ શેખ અને જીતનગર ત્રણ રસ્તા ખાતે મકાઈ ડોડા વેચીને ગુજરાન ચલાવતા શ્રી રોહિતભાઈ ગુરજીભાઈ વસાવાને તેમના માનવીય અભિગમ બદલ સન્માનિત કરવામા આવ્યા હતા. આ કાર્યક્રમમાં નાયબ પોલીસ અધિક્ષકશ્રીપી.આર.પટેલ, જિલ્લા ટ્રાફીક પોલીસના પીએસઆઈશ્રી એમ.બી. ચૌહાણ, વાહન નિરીક્ષકશ્રી વી.ડી.અસલ સહિત સંબંધિતવિભાગના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

કમલમ્ ન્યુઝ,

અરવલ્લી જિલ્લાના પ્રભારી અને ગુજરાત સરકાર ના મંત્રીશ્રી બળવંતસિંહ રાજપૂતે આજે સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ની સાબરડેરી ના હૉલ ખાતે જિલ્લા ભાજપ ના તમામ હોદ્દેદારો સાથે બેઠકમાં ઉપસ્થિત રહી મંડલ વાઈઝ તમામ હોદ્દેદારો નો પરિચય બેઠક યોજી હતી. આ પ્રસંગે સંસદસભ્ય શ્રી જિલ્લા ભાજપ પ્રમુખ જે.ડી.પટેલ. પ્રદેશ ઉપાધ્યક્ષ કુ.કૌશલ્યાકુવરબા મહામંત્રી વિજયભાઈ પંડ્યા ધારાસભ્ય શ્રી વિનેન્દ્રસિહ ઝાલા જિલ્લા પંચાયત ના પ્રમુખ ધીરજભાઈ પટેલ સાબરડેરી ચેરમેન શામળભાઈ પટેલ જિલ્લા ખરીદ વેચાણ સંઘ ચેરમેન જેઠાભાઈ પટેલ પૂર્વ મંત્રી શ્રી જયસિંહ ચૌહાણ પ્રાંતિજ તલોદ ના ધારાસભ્ય શ્રી ગજેન્દ્રસિંહ પરમાર તેમજ જિલ્લા સંગઠન ના વિવિધ હોદ્દેદારો એ ઉપસ્થિત રહી કાર્યક્રમ ને સફળ બનાવ્યો હતો.

અરવલ્લી જિલ્લા કલેકટરશ્રીના અધ્યક્ષતામાં જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક મળી

અરવલ્લી જીલ્લાના હિત અને પ્રશ્નોના સમાધાન માટે મળી જિલ્લાની સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક

કમલમ્ ન્યુઝ,ધાર્મિક ભટ્ટ

અરવલ્લી જિલ્લા મોડાસા કલેકટર કચેરી ખાતે કલેકટર શ્રી ડૉ. નરેન્દ્રકુમાર મીનાની અધ્યક્ષતામાં જિલ્લાની સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક મળી. આ બેઠકમાં કલેકટરે ધારાસભ્ય દ્વારા રજૂ કરવામાં આવેલ પ્રશ્નોનો હકારાત્મક ઉકેલ અને પડતર પ્રશ્નોનો સંબંધિત અધિકારીઓને સત્વરે નિકાલ લાવવા તાકીદ કરી હતી. વધુમાં તેમણે વિકાસલક્ષી કામો ઝડપથી શરૂ થાય અને સમયમર્યાદામાં પૂર્ણ થાય તે જોવા અનુરોધ કર્યો હતો. રજૂઆત કરાયેલ કામ સરકારની ગાઇડલાઇન મુજબ પૂર્ણ કરવા અમલીકરણ અધિકારીઓને જણાવ્યું હતું.લોકોની અરજીઓના યોગ્ય નિકાલની પણ ચર્ચા કરાઈ. વહીવટી કામગીરીને ઝડપી અને પરિણામ સભર બનાવવા પણ સૂચન કરાયા. આ બેઠકમાં ધારાસભ્યશ્રી ધવલસિંહ ઝાલા દ્વારા રજૂ કરવામાં આવેલ વિવિધ વિભાગોને લગતા કાયદો અને વ્યવસ્થા ને લગતા,વીજ જોડાણના, જમીન માપણીના, ગેરકાયદે બાંધકામના, એસ.ટી.ના, આયોજનના કામોના,પુરવઠા સહિત વિવિધ પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા હતા.જેનો સત્વર અને હકારાત્મક ઉકેલ લાવવા પ્રશ્નોનો સંબંધિત અધિકારીઓને સત્વરે નિકાલ લાવવા તાકીદ કરી હતી.જિલ્લા પોલીસ વડાશ્રી સંજય ખરાત , જિલ્લા વિકાસ અધિકારી શ્રી કમલ શાહ,જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી રાજેશ કુચારા,જિલ્લા નિવાસી અધિક કલેકટરશ્રીએન. ડી.પરમાર, અને ધારાસભ્ય શ્રી ધવલસિંહ ઝાલા સહિત જિલ્લા સંકલન સમિતિના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા.

શિક્ષણ અને ઈતર પ્રવૃત્તિથી વિદ્યાર્થીનું ઘડતર થઈ રહયું છે- શ્રીમતિ શ્રધ્ધા વી.રાવ

રાનકુવા હાઇસ્કુલમાં વાર્ષિક ઇનામોત્સવ સંપન્ન

કમલમ્ ન્યુઝ,મયુર પટેલ

"ઉંચા પરિણામો,રમત-ગમત,એન.એસ.એસ,એન.સી.સી નેવી યુનિટ-વિજ્ઞાન મેળા-ચિત્રકળા વગેરે સ્પર્ધામાં ઉંચા પરિણામો-પુરસ્કાર મેળવી જિલ્લા અને રાજયમાં મોખરે રહેનાર રાનકુવા વિભાગ કેળવણી મંડળ સંચાલિત શ્રી બી.એલ. પટેલ સર્વ વિદ્યામંદિર હાઈસ્કુલનો માહોલ,તાળીઓનો ગડગડાટ—સ્વાગત ટુકડીનો સુત્રોચાર- બધુ પ્રભાવક છે." આ શબ્દો ન્યુ કેજલ લાઈફ ઈન હોસ્પિટલ કબીલપોરના ચેરમેન શ્રીમતી શ્રધ્ધા વી.રાવે નવીનીકરણ થયેલ રસાયણશાસ્ત્રની પ્રયોગશાળાને ખુલ્લી મુકતાં તેજસ્વી તારલાઓનુ અભિવાદન કરતાં વધુમાં જણાવ્યું હતું કે, 'કેળવણી મંડળના મંત્રીશ્રી,પ્રમુખશ્રી તથા રાનકુવા હાઈસ્કુલ પરિવારનો જોશ-ઉત્સાહ અદભુત છે. સાથે વિદ્યાર્થીઓએ ઊંચા શિખરો સર કરવા તંદુરસ્તી ઉપર પણ ધ્યાન રાખવું પડશે લારી ફૂડ થી દૂર રહેશો. કારણ વિશ્વ આવતીકાલે નવી શોધ લઈને આવવાનું છે.' મુખ્ય મહેમાન પદે ડૉ. કિરીટ એમ. ભાવસાર એ જણાવ્યું હતું કે, 'તબીબી તરીકે નવસારી જિલ્લા પંચાયતના ૩૧ વર્ષ સુધી વિવિધ આરોગ્ય કેન્દ્ર પર કામ કર્યું છે,ગંદાદાત,ઓછી ઉંચાઈ અને નાની વયમાં વધુ નંબરના ચશ્મા એ સમસ્યા છે. કેળવણી મંડળના પ્રમુખશ્રી બળવંતરાય સી.દેસાઈએ આવકાર અને મંત્રી શ્રી પ્રાધ્યાપક જશુભાઈ નાયક એ શાળાના વિકાસ માટે આર્થિક સંઘર્ષ,ડાંગરનો સંગ્રહ કે ફિલ્મ શો દ્વારા કરેલ પુરુષાર્થ જણાવ્યો હતો. આચાર્યશ્રી સંજયસિંહ પરમારએ શિક્ષણ ઈત્તર પ્રવૃત્તિ માટે થતું આયોજન વિદ્યાર્થીઓના ગેરહાજર રહેવા માટેનો અભ્યાસ,સ્વયંશિસ્ત તરફ શાળા, સરકારી તંત્રના અભિયાનમાં અગ્રેસર રહેવા માટે પરિણામલક્ષી આયોજન થી શાળા પ્રગતિને પંથે છે. ૪૧ વિદ્યાર્થીઓને રજતચંદ્રકો તથા રોકડ પુરસ્કારો એનાયત થયા હતા.રાષ્ટ્રીય કક્ષાએ ૪ વિદ્યાર્થી,રાજય કક્ષાએ ૧૪ ઝોન કક્ષાએ ૧૦, જિલ્લા કક્ષાએ ૫૦ વિદ્યાર્થીઓ અને ૩ શિક્ષકોએ સહ અભ્યાસ પ્રવૃતિમાં મેળવેલી સિદ્ધિ બદલ સન્માનિત કરવામાં આવ્યા. સમગ્ર કાર્યક્રમની ઉદઘોષણા સ્વાતિબેન પાટીલ,પારિતોષિક ઉદઘોષણા,નિકુંજ પટેલ,ખ્યાતિ પટેલ,નલીનીબેન પટેલ તથા શીતલબેન પટેલે કરી હતી. નિરીક્ષકશ્રી પરેશભાઈ દેસાઈએ ઋણ સ્વીકાર કર્યો હતો

શ્રી આદર્શ વિદ્યાલય લીંભોઈમાં ઇનામ વિતરણ દાતાશ્રીઓનું સન્માન તથા સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો

કમલમ્ ન્યુઝ,અમિત ઉપાધ્યાય

શ્રી લીંભોઈ વી.વી. મંડળ લીંભોઈ સંચાલિત આદર્શ વિદ્યાલય લીંભોઈમાં તા : ૧૯/૦૧/૨૦૨૩ ના રોજ ધોરણ ૯ થી ૧૨ માં શૈક્ષણિક સિદ્ધિ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓ માટે ઈનામ વિતરણ, સંસ્થાના વિકાસમાટે દાન આપનાર દાતાશ્રીઓનું સન્માન તથા સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા. પોલીસ સ્વ સુરક્ષા શિબિરમાંથી મળેલી તાલીમ વડે દીકરીઓએ પોતાના બચાવ માટેની ટેકનિકો રજૂ કરી હતી. આ પ્રસંગે આચાર્યશ્રી વિજયભાઈદાણી દ્વારા સ્વાગત પ્રવચન, કાર્યક્રમના અધ્યક્ષ શ્રી ગીરીશભાઈ એ. ઉપાધ્યાય દ્વારા શુભેચ્છાઓ અને કાર્યક્રમના ઉદ્દઘાટક શ્રી ગુણવંતભાઈ પટેલ દ્વારા વિદ્યાર્થીઓના શ્રેષ્ઠ અભ્યાસ માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી, મુખ્ય મહેમાન તરીકે શ્રી ભરતભાઈ પટેલ તથા હંસાબેન પટેલ અને પો. સબ ઈન્સ્પેક્ટર શ્રી સી. એફ. રાઠોડઉપસ્થિત રહ્યા હતા. વિશેષ અતિથિઓ તરીકે ડૉ. કૃપેશભાઈ પટેલ, ડૉ. દિવ્યાંગભાઈ પટેલ, ડૉ.જીગ્નેશભાઈ પટેલ, ડૉ.ચિરાગભાઈ ઉપાધ્યાય, શ્રી નિલેશભાઈ જોશી ભાસ્કરભાઈ ઉપાધ્યાય ઉપસ્થિત રહ્યા હતા. મંડળના ઉપપ્રમુખશ્રીઓ માલજીભાઈ રબારી તથા કોદરસિંહ ચૌહાણ, મંત્રીશ્રી શિવાભાઈ પટેલ અન્ય કારોબારી સભ્યશ્રીઓ, આજીવન દાતાશ્રીઓ શાળાનો શૈક્ષણિક સ્ટાફ તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના મ.શિ. કિરણભાઈ પટેલ અને આભાર વિધિ મંડળના આંતરિક ઓડિટર શ્રી અમરતભાઈ પટેલે કરી હતી. કાર્યક્રમની સફળ બનાવવા માટે શાળાના સમગ્ર સ્ટાફે અને મંડળના પ્રમુખશ્રી અને સમગ્ર ટીમને ખુબજ જહેમતઉઠાવી હતી.

સરકારી બેંક એવી બેંક ઓફ મહારાષ્ટ્ર એ ત્રિમાસિક અંદાજના સારા પરિણામો જાહેર કર્યા

કમલમ્ ન્યુઝ,ધાર્મિક ભટ્ટ

સરકારી માલિકીની બેંક ઓફ મહારાષ્ટ્ર (BoM) એ 31 ડિસેમ્બર ૨૦૨૨ ના પૂરા થયેલા ત્રીજા ત્રિમાસિકના અંદાજથી સારો પરિણામ સોમવારે જાહેર કર્યા છે. બેંક ચોખ્ખી વ્યાજ આય તથા સંપત્તિની ગુણવત્તા સુધારાને કારણે ૭૭૫ કરોડનો બમણા કરતાં પણ વધારે ચોખ્ખો નફો કરેલો છે. ૪૦ પુણે ખાતે હેડ કવાર્ટર ધરાવતી જાહેરક્ષેત્રની બેંક ચોથા કવાર્ટરમાં ૫૦૦ ,કરોડનું 990 Qualified Institutional Placement લાગુ કરવાની યોજના કરીરહેલ છે જેણે અગાઉના વર્ષે આ જ સમયગાળામાં તથા ૩૨૫ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો હતો. ગ્રોસ એડવાન્સિ લગભગ ૨૨ ટકા વધીને ૧,૫૬,૯૬૨ કરોડ, કોર્પોરેટ એડવાન્સિસ ૨૫ ટકા, રિટેલ (૨૩ ટકા), MSME (૨૨ ટકા) અને કૃષિ (૯ ટકા) લેખે વધારો થયેલ છે. ડિસેમ્બર ૨૦૨૨ના અંત સુધીમાં કુલ થાપણો લગભગ ૧૨ ટકા વધીને ૧૨,૦૮,૪૩૬ કરોડ થઈ છે. કુલ થાપણોમાં, લો કોસ્ટ ચાલુ ખાતા, બચત ખાતાનું પ્રમાણ પ્રતિ થાપણ ૫૨.૫૦ હતી. ત્રિમાસિક નંબર વિશે બોલતા, BoMના મેનેજિંગ ડિરેક્ટર એ એસ રાવે જણાવ્યુ હતું કે ચોખ્ખો નફામાં ૧૩૮.૭૬ ટકાનો અને ઓપરેટિંગ નફામાં ૩૫.૯૪ ટકાનો વધારો જોવા મળ્યો છે. ચોખ્ખો નફો ૧,૫૮૦ કરોડ થયેલો છે જે અગાઉના વર્ષ સમાન કવાર્ટરમાં ૧,૧૬૨ કરોડ હતો. રાજીવે કહ્યું કે QIP દ્વારા રૂ. ૫૦૦-૧,૦૦૦ કરોડના શેરનું વેચાણ કરવામાં આવશેકારણ કે શેરબજાર નિયમ મુજબ, પ્રમોટર પાસે ૭૫% થી વધુ હિસ્સો ન હોવો જોઈએ જેથી આ કવાર્ટરમાં, સરકારી હોલ્ડિંગ હાલના ૯૦% થી ઘટાડીને ૮૫% કરવામાં આવશે.બેંકની ચોખ્ખી વ્યાજ આવક (NII) વાર્ષિક ધોરણે ૨૯.૬૫ ટકા વધીને ૧૯૮૦ કરોડ થઈ છે જે અગાઉના નાણાકીય વર્ષના ત્રીજા કવાર્ટરમાં ૧,૫૨૭ કરોડ હતા. ડિસેમ્બર કવાર્ટરમાં બેંકની કુલ આવક અગાઉના વર્ષના સમય ગાળાની ૩૮૯૩ કરોડની સરખામણીએ વધીને ૪,૭૭૦ કરોડ થઈ છે. એસેટ કવોલિટી મોરચે, બેંકનીગ્રોસ એનપીએ (બિન-પરફોર્મિંગ એસેટ્સ) ૪.૭૩ટકાની સરખામણીએ ઘટીને ૨.૯૪ટકા થઈછે, ચોખ્ખી એનપીએ પાછલા નાણાકીય વર્ષના ત્રીજા કવાર્ટરના સમયે ૧.૨૪ ટકા હતી જે ઘટીને ૦.૪૭ ટકા રહી હતી. એડવાન્સ, કેડિટ ડિપોઝિટ રેશિયો એક વર્ષ અગાઉના ૬૯% થી વધીને ૭૫.૩% થયેલ છે. બેંકની સમગ્ર દેશમાં ફેલાયેલી ૨,૧૨૮ શાખાઓ છે જે ચાલુ નાણાકીય વર્ષના અંત સુધીમાં વધીને ૨,૨૦૦ જેટલી તાહિ જશે

ભારત સ્કાઉટ ગાઈડ સંઘ દ્વારા ભવ્યાતી ભવ્ય જીલ્લા રેલી દેવની મોરી ખાતે યોજાઈ

કમલમ્ ન્યુઝ,હિંમતનગર સાબરકાંઠાના અરવલ્લી જિલ્લાની "જિલ્લા રેલી" શામળાજી ખાતેના દેવની મારી મુકામે વન અને પ્રકૃતિ શિક્ષણ કેન્દ્ર ખાતે ખૂબ સુંદર મેશ્વો નદીના ઉમદા સાનિધ્ય માં સાબરકાંઠા જિલ્લા ચીફકમિશનર અતુલભાઈ દીક્ષીત અને અરવલ્લી જિલ્લા ચીફ કમિશનર સંગીતાબેન સોની ના સાનિધ્યમાં યોજાઈ. બંને જિલ્લામાંથી મોટી સંખ્યામાં સ્કાઉટ,ગાઈડ, રેંજર, કબ, બુલબુલ જોડાયા. જિલ્લા રેલીમાં હિમાલય વુડબેજ શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને એડવેન્ચર, મંકી બ્રિજ, વિવિધ જાતના સ્કીલ, માર્ચ પાસ્ટ, દોરડા પર ચાલવું, વગેરે વિવિધ ગાંઠોનું વિસ્તાર પૂર્વક પ્રેક્ટીકલ માહિતી આપવામાં આવી અને તંબુઓ ને વિવિધ રીતે શણગાર કરેલ.

સાબરકાંઠા જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી પીરજીભાઈ પટેલે કેમ્પની મુલાકાત લઈ જણાવ્યું કે સ્કાઉટ ગાઈડ દ્વારા બાળકોને રાષ્ટ્ર ના ઘડતરમાં સારા સંસ્કારો આપવામાં આવે છે. તેમની સાથે જિલ્લા પંચાયતના દંડક હિરેનભાઈ અસારી, ભાજપ ઉદ્યોગસેલ કન્વીનર બ્રહ્મ સમાજ ગુજરાત રાજ્ય ઉપપ્રમુખ પ્રફુલભાઈ વ્યાસ, બ્રહ્મ સમાજ જિલ્લા પ્રમુખ મનોજભાઈ પુરોહિત જોડાયા હતા .વન વિભાગ દ્વારા વન ભ્રમણ કાર્યક્રમ દરમિયાન સ્કાઉટ અને ગાઈડને વનમાં ઉગતી વનસ્પતિઓ સાપ અને જંગલી પ્રાણીઓ વિશે ખૂબ સુંદર જ્ઞાન આપવામાં આવ્યુ હતુ. અર વલ્લી જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી લાલસિહજી ચૌહાણ તેમજ ભાજપના પૂર્વ પ્રમુખ અને શામળાજી મંદિરના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી રણવીર સિંહ ડાભી મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહી બાળકોને તમામ વ્યવસ્થા અંગે નિરીક્ષણ કર્યું હતું અને સ્કાઉટ ના આયોજકોને અભિનંદન આપ્યા હતા. તેમની સાથે શામળાજી મંદિરના ટ્રસ્ટી બચુભાઈ કટારા, ટ્રસ્ટી અનિલભાઈ પટેલ જોડાયા હતા બીજા દિવસનું ભોજન શામળાજી મંદિર તરફથી વિદ્યાર્થીઓને કરાવવામાં આવ્યું હતું તેમાં શામળાજી મંદિરના વોર્ડસ ચેરમેન શ્રી હર્ષદભાઈ દોશી તેમજ મેનેજર કનુભાઈ પટેલે ખૂબ સુંદર સાથ અને સહકાર આપ્યો હતો. દેવનીમોરી ના સરપંચ ભગીરથસિંહ જાડેજા તથા તેમના પરિવાર બાળકોને એકબીજા સ્થાને લઈ જવા માટે વાહનની સગવડ તેમજ બીજી કોઈપણ તકલીફ ન પડે તે બાબતની ખડેપગે ઊભા રહી ધ્યાન રાખ્યું હતું. જીલ્લા રેલીમાં ઉપપ્રમુખ પ્રશાંતભાઈ વ્યાસ , સાબરકાંઠા ગાઈડ કમિશનર ભારતીબેન ચૌધરી, અરવલ્લી સ્કાઉટ કમિશનર નરોત્તમભાઈ પટેલ, ટ્રેનિંગ કમિશનર વિષ્ણુભાઈ સોલંકી, રેંજર કમિશનર સોનલબેન ડામોર, નીપુણબેન, જીવાભાઈ ઓર્ગેનાઈઝીંગ કમિશનર બીપીનભાઈ તબિયાડ, નીલમબેન નાઈ વગેરે શિક્ષકો જોડાયા હતા જયારે ભાજપના આગેવાન સંજયભાઈ પટેલ, હિમાંશુ વ્યાસ, મુસ્લિમ આગેવાન બાબુભાઈ, સાયકલ સ્ટોર ના માલિક બાબુભાઈ વગેરે મહાનુભાવોએ મુલાકાત લીધી હતી. શામળાજી સિવિલ હોસ્પિટલ પ્રશાસક શ્રી કપિલભાઈ વ્યાસે ઉદઘાટન સમારંભમાં હાજર રહી બાળકોને આશીર્વાદ આપ્યા હતા. શામળાજી સિવિલ હોસ્પિટલની ટીમે ગાઈડ બહેનોને બહેનોના પ્રશ્નો વિશે ખૂબ સુંદર રીતે માહિતી આપી હતી અને ડોકટરે સ્કાઉટ વિદ્યાર્થીઓને વ્યસનમુક્તિ ટીબી તેમજ વિવિધ રોગો વિશેની માહિતી આપી હતી. બે દિવસથી શિબિરમાં કેમ્પ ફાયર દરમિયાન બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધેલ તેમની સાથે વન કર્મચારીઓ અને ગ્રામજ નો જોડાયા હતા. રણછોડરાયજીના મંદિર તેમજ તેના ગાર્ડનની સફાઈ સુંદર રીતે બાળકોએ કરી હતી.

સેકટર-૧૩ ખાતે સરકારી પ્રાથમિક શાળામાં મહિલા સશકિતકરણ અને મહિલા સ્વ-રક્ષણ નાં વિષય પર સેમિનાર યોજવામાં આવ્યો

કમલમ્ ન્યુઝ,

સેકટર ૨-૧૩ ખાતે સરકારી પ્રાથમિક શાળામાં મહિલા સશકિતકરણ અને મહિલા સ્વ-રક્ષણ અંતર્ગત ગાંધીનગરની પ્રચલિત ગાંધીનગર ટેકનોલોજી એસોસિએશન સંસ્થા દ્વારા "વ્યકિતગત સુરક્ષા અને સલામની જાગૃતિ" નાં વિષય પર સેમિનાર યોજવામાં આવ્યો હતો સાથે ટેકવોન્ડોનું પર્ફોમન્સ સંસ્થાના બાળકો દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું. જેમાં નાન-ચાકુ, લાઠી, તલવારબાજી, નળિયા બ્રેકિંગ, ફાઈટ જેવા અનેક કરતબો બતાવવામાં આવ્યા હતાં. તેઓ લોકોમાંઆકર્ષણનું કેન્દ્ર બન્યા હતાં સાથે સો લોકો મંત્રમુગ્ધ થઈ ગયા હતાં અને બાળકોમાં પણ એક અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. આ "વ્યકિતગત સુરક્ષા અને સલામતી જાગૃતિ" નાં સેમિનારમાં અલગ-અલગ ટેકનીકસ જેમકે... પોતાનું રક્ષણ કેવી રીતે કરવું, કઈ વસ્તુઓનો ઉપયોગ કરવો અને અસામાજિક તત્વોમાં ફસાયા હોય તો કેવી રીતે છૂટવું એ સ્કૂલનાં વિદ્યાર્થીઓને ગાંધીનગર ટેકવોન્ડો એસોસિએશન સંસ્થાનાં ટેક્નિકલ ડિરેકટર જતીન દવે અને સેકેટરી મિલાપ ટાટારિઆ દ્વારા માહિતી આપી વિદ્યાર્થીઓમાં જાગૃતિ લાવવા માટેનું ઝુંબેશ હાથ ધર્યું હતું અને પ્રેક્ટિકલી બતાવી તાલીમ આપવામાં આવી હતી તથા ગાંધીનગર ટેકવોન્ડો એસોસિએશન સંસ્થા તરફથી સર કારી પ્રાથમિક શાળાના બાળકો માટે સ્પોર્ટસ કીટ પણ સ્કૂલમાં આપવામાં આવી હતી. સરકારી પ્રાથમિક શાળાના આચાર્ય વિકમ સરનાં વિશેષ સહયોગથી "વ્યકિતગત સુરક્ષા અને સલામની જાગૃતિ" નો સેમિનાર સરળ રીતે સફળ થયો હતો તથા ગાંધીનગર ટેકવોન્ડો એસોસિએશન સંસ્થાનાં ગ્રાન્ડમાસ્ટર પ્રકાશ સંભ વાણીએ અનેક શુભેચ્છાઓ પાઠવી હતી. સંસ્થા વર્ષોથી આવા અનેક પર્ફોમન્સ કરતી આવી છે અને કરતી રહેશે તેમ સેકેટરી મિલાપ ટાટારિઆ દ્વારા જણાવવામાં આવ્યું હતું જેથી ભાઈઓ, બહેનો અને દિકરીઓમાં સ્વ-રક્ષણની જાગૃતિ થાય અને પોતાનો બચાવ કરવા કટિબદ્ધ બને.

કલેકટરશ્રીની અધ્યક્ષતામાં અમદાવાદ જિલ્લા સંકલનની બેઠક યોજાઈ

કમલમ્ ન્યુઝ,

વર્ષ ૨૦૨૩ની જિલ્લા સંકલનની સૌ પ્રથમ બેઠક આજે અમદાવાદ કલેકટર કચેરી ખાતે મળી હતી.અમદાવાદ જિલ્લા કલેકટરશ્રી ડૉ. પ્રવલ પટેલની અધ્યક્ષતામાં મળેલી જિલ્લા સંકલનની બેઠકમાં સ્થાનિક ધારાસભ્યશ્રીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લા સંકલન ની બેઠકમાં પાણી, આરોગ્ય વ્યવસ્થા, જળસિંચન, જમીન ફાળવણી સંબંધિત બાબતો, અમૃત સરોવર, આધાર કાર્ડ, ઈ-શ્રમ કાર્ડ વગેરે બાબતો અંગે વિગતે ચર્ચા કરવામાં આવી હતી. વિવિધ યોજનાઓ અને કાર્યક્રમોની કામગીરીની સમીક્ષા પણ કરવામાં આવી હતી. જિલ્લાના ધારાસભ્યશ્રીઓની લેખિત તેમજ મૌખિક રજૂઆતો અંગે સંબંધિત વિભાગના અધિકારીશ્રીઓ દ્વારા સંતોષકારક જવાબો આપવામાં આવ્યા હતા. કલેકટરશ્રી દ્વારા પરસ્પર સંકલનમાં રહીને દરેક પ્રશ્નોના યોગ્ય અને ઝડપી નિકાલ માટે સૂચના આપવામાં આવીહતી. કલેકટરશ્રી દ્વારા જિલ્લાસંકલનની બેઠકનો વિવિધ વિભાગો વચ્ચેની બાબતો અને પ્રશ્નોના નિરાકરણ અંગે ચર્ચા કરવા માટેના મંચ તરીકે ઉપયોગ કરવા અનુરો કરવામાંઆવ્યો હતો. જિલ્લા સંકલનની બેઠ કમાં સ્થાનિક ધારાસભ્યો સર્વેશ્રી અમિતભાઈ શાહ, અમૂલ ભટ્ટ, અમિત ઠાકર, જિતેન્દ્રભાઈ પટેલ, હાર્દિક પટેલ, બાબુસિંહ જાદવ, પાયલ કુકરાની, ઈમરાન ખેડાવાલા વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં અને પોતપોતાના વિસ્તારના પ્રશ્નો અંગેરજૂઆત કરીહતી.જિલ્લા સંકલનની બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી અનિલ ધામેલિયા, અધિક નિવાસી કલેકટર શ્રી સુધીરભાઈ પટેલ, નાયબ અધિકનિવાસી કલેકટરશ્રી જોષીસાહેબ, પોલીસ અધિક્ષક શ્રી અમિત વસાવા સહિતના ઉચ્ચ અધિકારીશ્રીઓ તથા વિવિધ વિભાગના વડા અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

તાપી જિલ્લા કલેકટર કચેરી ખાતે જિલ્લાની નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સમિતિની બેઠક યોજાઈ.

કમલમ્ ન્યુઝ,તાપી

તાપી જિલ્લાની નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સમિતિની બેઠક જિલ્લા કલેકટર સુશ્રી ભાગ્યવી દવેના અધ્યક્ષ સ્થાને તથા જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડી.ડી.કાપડિયા, ધારાસભ્યશ્રી મોહનભાઈ ઢોડિયા તથા નિઝર વિધાન સભાના ધારાસભ્ય શ્રી ડો.જયરામભાઈ ગામીત સહિત ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિમાં યોજાઈ હતી. આ બેઠકમાં FPS દ્વારા ૧૦૦% આધાર વેરિફાઈડ અનાજનું વિતરણ, સાયલંટ રેશન કાર્ડ અને વન નેશન વન કાર્ડના લાભાર્થીઓમાં થતા વધારા અંગે, રેશનિંગ દુકાનોના સ્થળ ફેરફાર જેવા મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચાઓ કરી જરૂરી સૂચનો કર્યા હતા. વધુમાં જિલ્લા કલેકટર સુશ્રી ભાગ્યવી દવેએ જણાવ્યું હતું કે, દર મહિને વારંવાર રાશન ધારકોને સુચનાઓ આપવી કે તેઓ રાશન સમય સર લઈ લેજેથી ફરીનેવારંવાર સાયલંટ રેશન કાર્ડબંધ વાના બનાવોન બને. આ બેઠકમાં વ્યારા નગરપાલિકાના પ્રમુખશ્રી સેજલબેન રાણા, અધિક નિવાસીકલેકટર શ્રી આર.જે.વસવી, નાયબ કલેકટરશ્રી તૃમી પટેલ,તથા જિલ્લાની નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સમિતિની વિવિધ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રીશ્રીના અધિક જનસંપર્ક અધિકારી શ્રી હિતેષભાઈ પંડ્યાની પુન:વરણી

નરેન્દ્ર - ભૂપેન્દ્ર (દાદા)ની ડબલ એન્જિન સરકારમાં ડબલ દશકાના અનુભવી શ્રી હિતેષભાઈ પંડ્યા(દાદુ)ની નિમણૂક

કમલમ્ ન્યુઝ,રાકેશ વાળા

તાજેતરના મુખ્યમંત્રીશ્રીઓ - શ્રી કેશુભાઈ પટેલ, શ્રી નરેન્દ્રભાઈ મોદી અને શ્રીમતી આનંદીબેન પટેલઅને વિજયભાઈ રૂપાણીના અધિક જન સંપર્ક અધિકારી તરીકે નિષ્ઠાપૂર્વક ફરજ બજાવી છે અને હાલના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સરકારમાં પુનઃનિમણૂંક થઈ છે.

હિતેષભાઈ પંડ્યા વિશે

વડોદરામાં જન્મેલા શ્રી હિતેષભાઈ પંડ્યાએ તેમનું પ્રારંભિક શિક્ષણ જામનગરમાં લીધું ત્યારબાદ તેઓનો પરિવાર રાજકોટમાં સ્થાયી થયા પછી તેઓનું પ્રાથમિક શિક્ષણથી માંડીને પત્રકારત્વ સુધીનું શિક્ષણ રાજકોટમાં જ પૂર્ણ થયું.ગુજરાતી ભાષી પ્રતિષ્ઠિત જન-ભૂમિ ગ્રુપ ઓફ ન્યુઝ પેપર્સના રાજકોટથી પ્રકાશિત, માતબર અને પ્રતિષ્ઠિત દૈનિક ફૂલછાબમાં શ્રી હિતેષભાઈ પંડ્યાએ ૨૨ વર્ષ સુધી **Chief Sub Editor, News Editor, Dy. Editor**ના વિવિધ હોદ્દાપર તેમણેખૂબજ જવાબદારી નિભાવી હતી.અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદમાં શ્રી હિતેષભાઈ પંડ્યાને રાષ્ટ્રીય કારોબારીમાં સ્થાન મળ્યું હતું અને દેશના રાજકીય ઈતિહાસની દિશા બદલનાર નવનિર્માણ આંદોલનમાં સૌરાષ્ટ્રનું સુકાન સંભાળ્યું હતું. આ આંદોલન દરમિયાન દેશભરમાં લદાયેલી કટોકટી દરમિયાન અગિયાર માસ સુધી જેલવાસ ભોગવ્યો હતો. જેથી તેઓ મીસાવાસી તરીકે પણ ઓળખાય છે. શ્રી હિતેષભાઈ પંડ્યાએ રાજકોટ મહાનગરપાલિકાની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ (**Municipal School Board**)ના અધ્યક્ષ તરીકે પણ ફરજ બજાવીહતી. સને ૨૦૦૧માં તેઓએ ભારતીય જનતા પાર્ટી, ગુજરાત પ્રદેશના બૌદ્ધિક પ્રકોષ્ઠ (**Intellectual Cell**)ના પ્રદેશ પ્રમુખ તરીકે પણ કામગીરી બજાવેલછે.

મોરબી પ્રભારીમંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરીયાની અધ્યક્ષતામાં મોરબી જિલ્લાના નવનિયુકત ધારાસભ્યોનો સન્માન સમારોહ યોજાયો

મંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરીયામોરબી ખાતે શિક્ષણમંત્રીશ્રી તેમજ મોરબી જિલ્લા પ્રભારી પ્રફુલભાઈ પાનશેરીયાની અધ્યક્ષતામાં મોરબી જિલ્લાના નવનિયુકત ધારાસભ્યોનો સન્માન સમારોહ યોજાયો હતો.

"સિરામિક ઉદ્યોગના હબ એવા મોરબીનો હજી વધુ વિકાસ થાય તે માટે સરકાર વિવિધ પ્રયાસો કરી રહી છે"

કમલમ્ ન્યુઝ,

પટેલ સમાજ વાડી-શનાળા ખાતે મોરબી સિરામિક એસોસિએશન તથા મોરબી જિલ્લાના વિવિધ ઔદ્યોગિક એસોસિએશન દ્વારા મોરબી પ્રભારી તેમજ શિક્ષણમંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરીયાના અધ્યક્ષસ્થાને જિલ્લાના નવનિર્વાચીત ધારાસભ્ય શ્રીઓનો ભવ્ય સન્માન સમારોહ યોજાયો હતો.

આ તકે સંસદીય બાબતો, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ, ઉચ્ચ શિક્ષણ રાજ્યમંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ તમામ ધારાસભ્યોને શુભેચ્છાઓ પાઠવતા જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલી નવી દિશા પર ઉદ્યોગજગત પણ સરકાર સાથે જોડાય તેવો પણ આ સન્માનનો એક હેતુ છે. સિરામિક ઉદ્યોગના હબ એવા મોરબીનો હજી વધુ વિકાસ થાય તે માટે સરકાર વિવિધ પ્રયાસો કરી રહી છે. મોર બીની સમરસતા અને સિરામિક સહિત ઉદ્યોગ જગતની કામગીરીને મંત્રીશ્રીએ આ તકે બિરદાવી હતી. મોરબી જિલ્લા વાસીઓને તેમના વિલ પાવર ગણાવી મોર બી-માળીયા ધારાસભ્ય શ્રી કાંતિભાઈ અમૃતિયાએ તમામ ધારાસભ્યો વતિ તમામનો આભાર માન્યો હતો. આપ્રસંગે પદ્મશ્રી સવજીભાઈ ધોળકિયા અને મોટીવેશનલ સ્પીકર શ્રી સંજય રાવલે પણ પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું.આ તકે મોરબી સિરામિક એસોસિએશન તથા મોરબી જિલ્લાના વિવિધ ઔદ્યોગિક એસોસિએશન દ્વારા મોર બી-માળિયા ધારાસભ્ય શ્રી કાંતિભાઈ અમૃતિયા, ટંકારા-પડધરી ધારાસભ્ય શ્રી દુર્લભજીભાઈ દેથરિયા, વાંકાનેર-કુવાડવા ધારાસભ્યશ્રી જીતુભાઈ સોમાણી, ફ્રાંગ્પ્રાં-હળવદ ધારાસભ્યશ્રી પ્રકાશભાઈ વરમોરા અને કાલાવડ ધારાસભ્યશ્રી મેઘજીભાઈ ચાવડાનું ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સાંસદશ્રી વિનોદભાઈ ચાવડા, પૂર્વ મંત્રીશ્રી જયંતિભાઈ કવાડિયા, મોરબી નગર પાલિકા પ્રમુખશ્રી કુસુમબેન પરમાર, ઉપપ્રમુખશ્રી જયરાજસિંહ જાડેજા, સિરામિક એસોસિએશન -વોલ ટાઈલ્સ ડિવીઝન પ્રમુખશ્રી હરેશ બોપલિયા, સિરામિક એ સો સિએ શન -વિકટ્રીફ ાઇ ડિવીઝન પ્રમુખશ્રી મુકેશભાઈ કુંડારિયા, સિરામિક એસોસિએશન- ફ્લોર ટાઈલ્સ ડિવીઝન પ્રમુખશ્રી વિનોદભાઈ ભાડજા, સિરામિક એસોસિએશન-સેનેટરી વેર ડિવીઝન પ્રમુખશ્રી કિરીટભાઈ પટેલ સહિત સિરામિક એસોસિએશનના હોદ્દાધારી સભ્યો, ઉપ પ્રમુખશ્રીઓ, પૂર્વ પ્રમુખશ્રીઓ, અન્ય ઔદ્યોગિક તેમજ અન્ય એસોસિએશનના પ્રમુખ શ્રીઓ, ઉદ્યોગપતિશ્રીઓ અને નગરજ નો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

જોઈએ છે

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું નામાંકિત અખબાર ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર

PRESS

"કમલમ દૈનિક"

સમગ્ર ગુજરાત માટે બ્યુરો ઓફિસ ફાળવવાની છે

સમગ્રગુજરાતમાં જિલ્લા તેમજતાલુકા મથકે રિપોર્ટિંગ કરી શકે તેવા જિલ્લાચીફ અને તાલુકાચીફ તેમજ માનદ-રિપોર્ટરની નિમણુંક કરવાની છે.

રસ ધરાવતા (અનુભવી - બિનઅનુભવી) વ્યકિતએ સંપર્ક કરવો

સંપૂર્ણ બાયોડેટા ઈ-મેલ દ્વારા મોકલવો

E-mail.: kamalamgujarat@gmail.com

મહેશ પટેલ - Mo.: 98249 10606

•Printer/Publisher/Owner &Editor : MaheshN. Patel. •PrintedAt :-CapitalOffset801/1,G.i.d.c,Sector-28 Gandhinagar,Gujarat-382028 • Published -At A-3,Plot NoR-13,TanishqComplex, NewGreencity, Sector-26, Gandhinagar(Gujarat)382028